education

Department:
Education
REPUBLIC OF SOUTH AFRICA

# NATIONAL CURRICULUM STATEMENT GRADES 10 – 12 (GENERAL)

# LANGUAGES

## GUJARATI SECOND ADDITIONAL LANGUAGE

# રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ
# ધોરણ – ૧૦–૧૨
# (સામાન્ય)

## ભાષાઓ

## હિંદી દ્વિતીય અધિક ભાષા
## ઉર્દૂ દ્વિતીય અધિક ભાષા
(GUJARATI SECOND ADDITIONAL LANGUAGE)

Department of Education

Sol Plaatje House
123 Schoeman Street
Private Bag X895
Pretoria 0001
South Africa
Tel: +27 12 312-5911
Fax: +27 12 321-6770

120 Plein Street
Private Bag X9023
Cape Town 8000
South Africa
Tel: +27 21 465-1701
Fax: +27 21 461-8110

**http://education.pwv.gov.za**

**© 2003 Department of Education**

**ISBN 1-77018-026-5**

Design and layout by: Blackmoon Advertising and Research (Pty) Ltd

# આ પુસ્તકનો .પયોગ કેવી રીતે કરવો

આ દસ્તાવેજ નીતિવિષય દસ્તાવેજ છે. તેનું વિભાજન ચાર પ્રકરણોમાં કરવામાં આવ્યું છે. દસ્તાવેજના જુદા જુદા વિભાગોમાંથી માહિતી વાંચીને એકત્રિત કરવાનું વાચક માટે મહત્વનું છે. દરેક પ્રકરણની વિષયસૂચિ નીચે આપી છે.

## ■ પ્રકરણ–૧ : રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલનો પરિચય

આ પ્રકરણમાં રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય)ના સિધ્ધાંતો અને આલેખન લક્ષણો દર્શાવ્યાં છે. તે વાચક માટે અભ્યાસક્રમની પ્રસ્તાવનાનું કામ આપે છે.

## ■ પ્રકરણ–૨ : ભાષા શીખવાના ક્ષેત્રનો પરિચય આ પ્રકરણમાં ભાષા શીખવાના

પરિચયનાં વ્યાખ્યા, હેતુ, વ્યાપ, કારકિર્દી કડીઓ અને શિક્ષણનાં પરિણામ દર્શાવ્યાં છે. તે ભાષાનું સંસ્કરણ કરે છે.

## ■ પ્રકરણ–૩ : શીખવાનાં પરિણામ, મૂલ્યાંકન ધોરણો વિષયસૂચિ અને સંદર્ભો

આ પ્રકરણમાં દરેક શિક્ષણનાં પરિણામનાં મૂલ્યાંકન ધોરણો તેમજ વિષયોનાં સૂચિ અને સંદર્ભોનો સમાવેશ થાય છે. વાચકને ધોરણ–૧૦ થી ધોરણ–૧૨નાં ઉદ્દિષ્ટ પ્રગમન જોવામાંસ હાય કરવા મૂલ્યાંકન ધોરણોને ગોઠવવામાં આવ્યાં છે. પરિણામે આકારણી ધોરણોને બેવડાં પાનામાં પાથરીને દર્શાવ્યાં છે. પ્રકરણના અંતે સૂચિત વિષયસૂચિ અને સંદર્ભો આપ્યાં છે. તેનો ઉપયોગ શીખવવા, ભણવા અને મૂલ્યાંકન ધોરણ પ્રાપ્ત કરવા માટે કરી શકાય.

## ■ પ્રકરણ–૪ : મૂલ્યાંકન

આ પ્રકરણમાં રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલે સૂચવેલ મૂલ્યાંકન અંગેનો સામાન્ય અભિગમ દર્શાવ્યો છે. પ્રકરણના અંતે વિષય–વિશિષ્ટ ક્ષમતાની વિગતોનો કોઠો છે. દરેક કક્ષા માટે સંકેત, ધોરણો અને ક્ષમતાનાં વર્ણન આપ્યાં છે. ધોરણ–૧૦ થી ધોરણ–૧૨નાં પ્રગમનના નિદર્શન કરવા ક્ષમતઢ ાની વિગતોને ગોઠવી છે.

## ■ પ્રતીક

શિક્ષણનાં પરિણામ મૂલ્યાંકન ધોરણ, કક્ષા, સંકેત, ધોરણ, ક્ષમતાની વિગત અને વિષયસૂચિ તથા સંદર્ભ મુકરર કરવા માટે નીચેનાં પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવે છે.

- = શિક્ષણનું પરિણામ
- = માપ
- = મૂલ્યાંકન ધોરણ
- = બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન
- = ધોરણ
- = વિષયસૂચિ અને સંદર્ભ
- = સંકેત

# ીવષયસૂીચ


આ પૂસ્તકનો .પયોગ કેવી રીતે કરવો iii

સંક્ષેપાક્ષરો viii

## પ્રકરણઅ૧ રાષ્ટ્રીય અભયાસક્રમ અહેવાલનો પીરચય 1

ીસધધાંતો 1
સામાજિક પરિવર્તન 1
પરિણામ – આધારિત શિક્ષણ 2
ઉચ્ચજ્ઞાન અને ઉચ્ચ કૌશલ 2
એકત્રીકરણ અને પ્રયોજિત ક્ષમતા 2
પ્રગમન (પ્રોગ્રેસન) 3
સ્પષ્ટતા અને સુવાહયતા 3
માનવહક, સમાવેશતા, પર્યાવરણ અને સામાજિક ન્યાયની વ્યખ્યા 3
સ્વદેશી જ્ઞાનપધ્ધતિનું મૂલ્ય આંકવું 4
ીવશ્વસનીયતા, ગુણવત્તા અને ક્ષમતા 4

શીખનારનોીવચારાયેલ પ્રકાર 4

ીશક્ષણનોીવચારાયેલ પ્રકાર 4
માળખું અનેીડજાઈન 5
રાષ્ટ્રીય અભયાસક્રમ અહેવાલનું માળખું 5
ભાષાીશખવાના ક્ષેત્રમાં 6

ીવષયવસ્તુના અહેવાલ અ વયાખયા 6

કાર્યક્રમની માર્ગદર્શક સૂચનાઓ શીખવી 6

## પ્રકરણઅ૨ ભાષા શીખવાના ક્ષેત્રનો પીરચય 7

વયાખયા 7

હેતુ 7
વયાપ 8

સમાવેશતા 8
ભાષાની કક્ષા 8

## શીખવાનાં પીરણામ 10
શીખવાનાં પીરણામ : ૧ સાંભળવું અને બોલવું 10
શીખવાનાં પીરણામ : ૨ વાંચવું અને જોવું 10
શીખવાનાં પીરણામ : ૩ લખવું અને રજૂઆત કરવી. 10
શીખવાનાં પીરણામ : ૪ ભાષા 11

# પ્રકરણ૩ શીખવાનાં પીરણામ, મૂલ્યાંકન ધોરણોીવષયસૂીચ અને સંદર્ભો 12

શીખવાનાં પરિણામ : ૧ સાંભળવું અને બોલવું 12
શીખવાનાં પરિણામ : ૨ વાંચવું અને જોવું 16
શીખવાનાં પરિણામ : ૩ લખવું અને રજૂઆત કરવી. 22
શીખવાનાં પરિણામ : ૪ ભાષા 26

## મૂલ્યાંકન ધોરણો મેળવવા માટે વિષયસૂચિ અને સંદર્ભ 32

ભાષા શીખવવા માટે પાઠ્યપુસ્તકોનો ઉપયોગ 32
પાઠ્યપુસ્તકો કેવી રીતે તૈયાર થાય છે તે સમજવું. 33

# પ્રકરણ૪ મૂલ્યાંકન 37

## આમુખ 37

## મૂલ્યાંકન શા માટે 37
મૂલ્યાંકનના પ્રકાર 37
પાયાનું મૂલ્યાંકન 38
ીનદાનપ્રદ મૂલ્યાંકન 38
ીવધાયક મૂલ્યાંકન 38
પસંહારક મૂલ્યાંકન 38

## મૂલ્યાંકન કેવું હોવું જોઈઓ 38
મૂલ્યાંકન : જે 38
મૂલ્યાંકન કેવી રીતે કરવું 39

## મૂલ્યાંકનની પધ્ધીત 39
સ્વ.મૂલ્યાંકન 39
સમોવડીયુ મૂલ્યાંકન 39
સામૂહિક મૂલ્યાંકન 40

મૂલ્યાંકનના મુદાઓ એકત્ર કરવાની રીતો 40
અવલોકન આધારિત મૂલ્યાંકન 40
કસોટી આધારિત મૂલ્યાંકન 40
કાર્ય આધારિત મૂલ્યાંકન 40

નોંધ અને અહેવાલ 40

નોંધણીની રીતો 40

વિષય યોગ્યતાનું વર્ણન 42

બઢતી 43

અહેવાલ પત્રિકા કેવી હોવી જોઈએ 43

શીખવા માટે અવરોધનો અનુભવ કરતા શીખનારાઓનું મૂલ્યાંકન 43

બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન 44

શબદસૂચ 57

# સંક્ષેપાક્ષર

| | |
|---|---|
| AIDS | એઈડઝ |
| CASS | સતત મૂલ્યાંકન |
| FET | આગળનું શિક્ષણ અને તાલીમ |
| GET | સામાન્ય શિક્ષણ અને તાલીમ |
| IKS | સ્વદેશી જ્ઞાનપધ્ધતિ |
| OBE | પરિણામ આધારિત શિક્ષણ |
| NCS | રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ |
| NQF | રાષ્ટ્રીય લાયકાત માળખું |
| SAQA | દક્ષિણ આફ્રિકા લાયકાત સત્તાતંત્ર |

# પ્રકરણ અ૧

# રાષ્ટ્રીય અભયાસક્રમ અહેવાલનો પીરચય

દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાકનું સંવિધાન અપનાવવાની બાબતેના અધિનિયમ (૧૯૯૬ નો અધિમિયન ૧૦૮) દોક્ષિણ આફ્રિકામાં અભ્યાસક્રમના રૂપાંતર અને વિકાસ માટેના પાયાની જોગવાઈ કરી. આમૃખમાં જણાવ્યું છે કે સંવિધાનના હેતુ નીચે મુજબ છે.

- અગાઉના વિભાગોને સરખા કરવા અને લોકશાહી મૂલ્યો, સામાજિક ન્યાય અને મૂળભૂત માનવહક પર આધારિત સમાજની સ્થાપના કરવી.
- તમામ નાગરિકોના જીવનની ગુણવત્તા સુધારવી અને દરેક વ્યકિતની શકિતને મુકત કરવી.
- લોકશાહી અને ખુલ્લા સમાજ માટે એવો પાયો નાખવો, જેમાં સરકાર લોકોની ઈચ્છા પર આધારિત હોય અને પ્રત્યેક નાગરિકને કાયદાનું સમાન રક્ષણ મળે, અને
- કુટુંબમાં સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે તેનું અધિકારપૂર્વકનું સ્થાન લઈ શકે તે રીતે સંયુકત અને પ્રજાસત્તાક દક્ષિણ આફ્રિકાનું નિર્માણ કરવું.

સંવિધાન વધુમાં જણાવે છે કે " દરેકનો શિક્ષણમાં પ્રગતિ કરવાનો હક છે અને રાષ્ટ્રે યોગ્ય પગલાં લઈને તેને ક્રમશ : ઉપલભ્ય થાય અને મળે તેમ કરવું જોઈએ."

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) શીખવાનાં પરિણામ અને મૂલ્યાંકન ધોરણો નિયત કરીને અને અભ્યાસક્રમ અંતર્ગત ચાવીરૂપ સિધ્ધાંતો અને મૂલયો મુકરર કરીને આ લક્ષ્યની પ્રાપ્તિ માટેનો પાયો નાખે છે.

## ીસધધાંતો

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) નીચેના સિધ્ધાંતો પર આધારિત છે :

- સામાજિક રૂપાંતર
- પરિણામ – આધારિત શિક્ષણ
- ઉચ્ચ જ્ઞાન અને ઉચ્ચ કૌશલ
- એકત્રીકરણ અન ેપ્રયોજિત ક્ષમતા
- પ્રગમન (પ્રોગ્રેસન)
- સ્પષ્ટતા અને સુવાચયતા
- માનવહક, સમાવેશતા, પર્યાવરણ અને સામાજિક ન્યાય
- સ્વદેશી જ્ઞાન પધ્ધતિઓનું મૂલ્યાંકન અને
- વિશ્વસનીયતા, ગુણવત્તા અને ક્ષમતા

## સામાજિક પરિવર્તન

દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાકનું સંવિધાન આપણા વંશીય ભેદ પછીના સમાજમાં સામાજિક પરિવર્તન માટે પાયાનું નિર્માણ કરે છે. માનવપ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રોમાં વંશીય ભેદનો વારસો હલ કરવાની જરૂરીયાતમાંથી જુદાં જુદાં રૂપાંતરાત્મક સાધનોનો ઉપયોગ કરીને દક્ષિણ આફ્રિકાન સમાજનું પરિવર્તન કરવાનું જરૂરી છે. શિક્ષણમાં સામાજિક રૂપાંતરનો હેતુ અગાઉની શૈક્ષણિક અસમતુલા ઘટાડાય અને આપણી વસ્તીના બધા વિભાગો માટે શિક્ષણની સમાન તકની જોગવાઈ

કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનો છે. સામાજિક પરિવર્તન સિધ્ધ કરવું હોય, તો તમામ દક્ષિણ આફ્રિકાવાસીઓને તેમની શકિત પિછાણીને શૈક્ષણિક રીતે સુદ્દઢ થવું પડશે અને લાયકાત મેળવવાના કુત્રિમ અવરોધો દૂર કરવા પડશે.

## પરિણામ – આધારિત શિક્ષણ

દક્ષિણ આફ્રિકામાં અભ્યાસક્રમ માટે પરિણામ આધારિત શિક્ષણ પાયાની બાબત છે. શિક્ષણની પ્રક્રિયાના અંત સુધીમાં પ્રાપ્ત કરવાના શિક્ષણનાં પરિણામ નિયત કરીને તે તમામ શીખનારાઓને તેમની શીખવાની અધિકતમ શકિતએ પહોંચવા માટે જહેમત ઉઠાવે છે. પરિણામ આધારિત શિક્ષણ શીખનાર – કેન્દ્રિત અને પ્રવૃત્તિ–આધારિત શૈક્ષણિક અભિગમને પ્રોત્સાહન આપે છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ, સંવિધાન પ્રેરિત અને લોકશાહી પ્રક્રિયા મારફત વિકસાવેલ મહત્વનાં અને વિકાસલક્ષી પરિણામ પરથી ધોરણ–૧૦–૧૨ માટે તેનાં શિક્ષણનાં પરિણામનું નિર્માણ કરે છે. મહત્વનાં પરિણામથી શીખનાર નીચેનું કરી શકે છે.

- ઝીણવટથી અને રચનાત્મક રીતે વિચારીને પ્રશ્નો મુકરર અને હલ કરી શકે છે અને નિર્ણયો લઈ શકે છે.
- ટુકડી, જૂથ, સંગઠન અને સમાજના સભ્ય તરીકે બીજા સાથે અસરકારક કામ કરી શકે છે.
- તેમને પોતાને અનેતેમની પ્રવૃત્તિઓની જવાબદારીપૂર્વક અને અસરકારક રીતે સંયોજન અને વ્યવસ્થા કરી શકે છે.
- માહિતી એકઠી કરી, તેનું પૃથ્થકરણ અને સંયોજન કરી તેનું ઝીણવટભર્યુ મૂલ્યાંકન કરી શકે છે.
- દશ્ય, પ્રતીકાત્મક અને અથવા ભાષા કૌશલનો જુદી જુદી રીતે ઉપયોગ કરીને અસરકારક વ્યવહાર કરી શકે છે.
- પર્યાવરણ અને બીજાઓના આરોગ્ય પ્રત્યે જવાબદારી દર્શાવીને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો અસરકારક અને ઝીણવટભર્યો ઉપયોગ કરી શકે છે અને
- પ્રશ્નો હલ કરવાના સંદર્ભ એકાંતમાં પડયા નથી એવું પિછાણીને સંકળાયેલી પધ્ધિઓના સેટ તરીકે દુનિયાની સમજનું નિદર્શન કરી શકે છે.

### વિકાસલક્ષી પરિણામો શીખનારને

- વધારે અસરકારક રીતે શીખવા માટે વ્યુહોની વિવિધતા તપાસી શકશે અને તેની અસર પાડી શકશે.
- સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સમાજના જીવનમાં જવાબદાર નાગરિકો તરીકે ભાગ લઈ શકશે.
- સામાજિક સંદર્ભોની શ્રેણીમાં સાંસ્કૃતિક રીતે અને સૌદર્યની દ્દષ્ટિએ સંવેદનશીલ બની શકશે.
- શિક્ષણ અને કારકીર્દીની તકો શોધી શકશે અને
- સાહસિક તકો વિકસાવી શકશે.

## ઉચ્ચ જ્ઞાન અને ઉચ્ચ કૌશલ

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ – ૧૦–૧૨ વા(સામાન્ય) નો હેતુ શીખવનારાઓમાં ઉચ્ચકક્ષાનાં જ્ઞાન અને કૌશલ વિકાસવવાનો છે. તમામ દક્ષિણ આફ્રિકાવાસી શીખવનારા જે મેળવી શકે તે માટે તેણે ઊંચી અપેક્ષાઓ રાખી છે. જ્ઞાન અને કૌશલના અભાવે અગાઉ વંચિત રહી ગયેલી વસ્તીના વિભાગોનું સશકિતકરણ સામાજિક ન્યાય માટે જરૂરી છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ દરેકકક્ષાએ પ્રાપ્ત કરવામાં જ્ઞાન અને કૌશલનાં લઘુતમ ધોરણ નિર્દિષ્ટ કરે છે અને બધા વિષયોમાં ઊંચાં અને પ્રાપ્ત કરી શકાય તેવાં ધોરણ નિયત કરે છે.

## એકત્રીકરણ અને પ્રાયોજિત ક્ષમતા

શીખવાના વિષયો અને ક્ષેત્રોની અંદર અને પરસ્પર એકત્રીકરણ પ્રાપ્ત કરવાનું છે. રાષ્ટ્રીય લાયકાત માળખામાં વ્યાખ્યા કર્યા મુજબ પ્રાયોજિત ક્ષમતા પ્રાપ્ત કરવા માટે વિષયો બાબતમાં જ્ઞાન અને કૌશલ તથા પ્રત્યક્ષ કાર્યના ક્ષેત્રમાં એકત્રીકરણ મહત્વનું છે. પ્રયોજિત ક્ષમતાનો હેતુ ત્રણ સમજભરી ક્ષમતા –

પ્રત્યક્ષકાર્ય પાયારૂપ અને પરાવર્તી ક્ષમતાના એકત્રીકરણનો છે. એકત્રીકણ અને પ્રયોજિત ક્ષમતા અપનાવવામાં રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) સિધ્ધાંત, પ્રત્યક્ષકાર્ય અને પરાવર્તનના એકત્રિત શિક્ષણને વિકસાવવા માગે છે.

## પ્રગમન (પ્રોગ્રેસ)

પ્રગમન વધારે ઉચ્ચ, જટિલ જ્ઞાન અને કૌશલની પ્રક્રિયા દર્શાવે છે વિષય અહેવાલ એક કક્ષાથી બીજીમાં પ્રગમન દર્શાવે છે. દરેક શીખવાના પરિણામ પછી પરિણામ માટે કઈ કક્ષાની કામગીરીની અપેક્ષા રહે છે તેની વિશદ છણાવટ તેમાં છે. મૂલ્યાંકન ધોરણો ફેઝમાં ગોઠવ્યા છે. તે કક્ષા દીઠ અપેક્ષિત કામગીરીની વધેલી કક્ષા દર્શાવે છે દરેક કક્ષાનાં વિષયસૂચિ અને સંદર્ભ સાદામાંથી જટિલ પ્રગમન પણ દર્શાવે છે.

## સ્પષ્ટતાઓ અને સુવાહયતા (Articulation and portability)

એક લાયકાતમાંથી બીજીમાં પ્રવેશતા પ્રોત્સાહન આપે તે માર્ગોએ જુદી જુદી રાષ્ટ્રીય લાયકાત માળખા કક્ષા અથવા પટ્ટીમાંથી લાયકાતો દર્શાવે છે. શિક્ષણધ્વારા તેજ માર્ગની અંદર આવતી લાયકાતો માટે આ ખાસ કરીને મહત્વનું છે. આગળના શિક્ષણ અને તાલીમ પટ્ટી સામાન્ય શિક્ષણ અને તાલીમ તથા ઉચ્ચ શિક્ષણ પટ્ટી વચ્ચે ગોઠવાઈ હોય, તો આગળના શિક્ષણ અને તાલીમનું પ્રમાણપત્ર (સામાન્ય) સામાન્ય શિક્ષણ અને તાલીમ પ્રમાણપત્ર અને ઉચ્ચ શિક્ષણના સમાન શીખવવાના માર્ગોની લાયકાતો વચ્ચે સ્પષ્ટ થાય તે મહત્વનું છે આ સ્પષ્ટતા પ્રાપ્ત કરવા માટે, પ્રત્યેક વિષયના અહેવાલના વિકાસમાં સામાન્ય શિક્ષણ અને તાલીમ શિક્ષકનાં ક્ષેત્રોમાં અને ઉચ્ચ શિક્ષણના એક કુળ ૮':ન્દ્યબ્ત્ભ્૯ વિદ્યાશાખાની પ્રવેશ કક્ષાના સ્થાને માની લીધેલા શિક્ષણમાં નિગમ ૮ભશ્ય્ત્૯ કક્ષાની અપેક્ષાઓની ચુસ્ત ચકાસણીનો સમાવેશ થાય છે.

સુવાહયતા લાયકાત (વિષય અથવા એકમનો ધોરણો) ના ભાગ તે જ રાષ્ટ્રીય લાયકાત માળખાની પટ્ટીના અલગ શિક્ષણ માર્ગની બીજી લાયકાતમાં કયાં સુધી તબદીલીપાત્ર છે તે દર્શાવે છે. કક્ષા ૧૦–૧૨ માં મેળવેલી વિષયોની સુવાહયતા વધારવા માટે જુદી જુદી રચનાઓ શોધી છે. દાખલા તરીકે ૨૦ જમા એકમ ધોરણ તરીકે વિષય અંગે રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ –૧૦–૧૨ (સામાન્ય)માં સમાવિષ્ટ વિષયો રાષ્ટ્રીય લાયકાત માળખા પર નોંધાયેલ યોગ્ય એકમ ધોરણો સાથે સરખાવી શકાય તેમ છે.

## માનવહક, સમાવેશતા, પર્યાવરણ અને સામાજિક ન્યાય

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) માનવહક, સમાવેશતા, પર્યાવરણીય અને સામાજિક ન્યાય વિકસાવવા માગે છે. તમામ નવા વિકસાવેલા વિષય અહેવાલોને દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાકના સંવિધાનમાં વ્યાખ્યા કર્યા મુજબ પર્યાવરણ અને સામાજિક ન્યાયના સિધ્ધાંતો અને વ્યવહારો સાથે દાખલ કરવામાં આવ્યા છે. ખાસ કરીને, રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) ગરીબી, અસમાનતા, વંશ, જાતિ, ભાષા, ઉંમર, અશકતઢ તા અને અન્ય પરિબળો જેવા વિવિધ પ્રશ્નો બાબતમાં સંવેદશનશીલ છે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) તમામ શીખનારાઓ માટે લધુતમ જરૂરીયાતો નિર્દિષ્ટ કરીને સમાવેશી અભિગમ અપનાવે છે. તે સ્વીકારે છે કે બધા શીખનારાઓને જરૂરી સહાય મળે, તો તે તેમની સંપૂર્ણ શકિત મુજબ વિકસી શકે. શીખવવાના યોગ્ય કાર્યક્રમો આલેખી અને વિકાસવીને અને યોગ્ય મૂલ્યાંકન સાધનોનો ઉપયોગ કરીને શીખનારાઓની બૌધિક, સામાજિક, સંવેદશનશીલ, આધ્યાત્મિક અને ભૌતિક જરૂરીયાતો પૂરી પાડવામાં આવશે.

## સ્વદેશી જ્ઞાન પધ્ધતિઓનું મૂલ્યાંકન

૧૯૬૦ના દસકામાં બહુવિદ્વતાના સિધ્ધાંતે શિક્ષણશાસ્ત્રીઓને એવું માનવા દબાણ કર્યુ કે દુનિયાની સમજ મેળવવા માહિતીની પ્રક્રિયાના ઘણા માર્ગો છે. કોઈકને

બુધ્ધિની નવેરસ વ્યાખ્યા આપવાની હોય, તોલ તેણે આ જુદા જુદા અભિગમ ગણતરીમાં લેવાના રહે. પશ્ચિમી દુનિયાએ આજ સુધી તર્કશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને ભાષાકીય શકિતઓનું જ મૂલ્યાંકન કર્યુ અને આ રીતે પાવરધા હોય તેમને જ 'બુધ્ધિશાળી' તરીકે ગણ્યા હવે લોકો જ્ઞાનની વિવિધ પધ્ધતિઓની વ્યાપક ભિન્નતાને ઓળખે છે. તેની મારફત લોકો જે દુનિયામાં રહે છે તેની સમજ અને અર્થ સાથે જોડે છે. દક્ષિણ આફ્રિકામના સંદર્ભમાં સ્વદેશી જ્ઞાન પધ્ધતિઓ હજારો વર્ષોથી વિકસેલ તત્વજ્ઞાન વિચારણા અને સામાજિક પ્રથાઓમાં અંતર્ગત જ્ઞાનનો સમહુ દર્શાવે છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) માં સ્વદેશી જ્ઞાન પધ્ધતિને વિષય અહેવાલોમાં સમાવી છે તે સંવિધાનમાં સમાવિષ્ટ મૂલ્યોના જતનમાં મહત્વનો ફાળો આપનાર તરીકે આ દેશના સમૃધ્ધ ઈતિહાસ અને વારસાને સ્વીકારે છે. તમામ ક્ષેત્રોમાં પ્રશ્નો હલ કરવામાં સહાયરૂપ થતા શકય તેટલા જુદા જુદા ઘણા પરિપ્રક્ષ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### વિશ્વસનીયતા, ગુણવત્તા અને ક્ષમતા

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ કક્ષા ૧૦–૧૨ (સામાન્ય)નો હેતુ રૂપાંતર કાર્યસૂચિ અપનાવીને અને બીજા દેશોના શિક્ષણ સાથે ગુણવત્તા, વ્યાપકતા અને ગહનતામાં સરખાવી શકાય તેવું શિક્ષણ આપીને વિશ્વસનીયતા પ્રાપ્ત કરવા માગે છે. ગુણવતા ખાતરીનું વિનિયમની દક્ષિણ આફ્રિકન લાયકાત સત્તાતંત્ર અધિનિયમ (૧૯૯૫નો અધિનિયમ ૫૮), શિક્ષણ અને તાલીમ ગુણવત્તા ખાતરી વિનિયમનો અને સામાન્ય અને આગળના શિક્ષણ અને તાલીમ ગુણવત્તા ખાતરી અધિનિયમ (૨૦૦૧નો અધિનિયમ ૫૮) ની જરૂરીયાતો મુજબ થાય છે.

## શીખનરનો વિચારાયેલ પ્રકાર

લોકો જેમ આપણા વિકાસ માટે ખૂબજ મહત્વનાં આપણા વ્યકિતગત, આધ્યાત્મિક અને બૌધ્ધિક પ્રવાસને સ્થાનિક બનાવે તેવાં મુલ્યો છે. મૂલ્યો, શિક્ષણ અને લોકશાહી પરનો છંછેરો (શિક્ષણ વિભાગ ૨૦૦૧ : ૯–૧૦) માં શિક્ષણ અને મૂલ્યો અંગે નીચે મુજબ જણાવ્યું છે.

મૂલ્યો અને નૈતિકતા આપણા વ્યકિતગત અને સામાજિક સંબંધોને સાર્થક બનાવે છે. જીવન અન્યથા હોત તે કરતાં વધારે સાર્થક બનાવવામાં મદદરૂપ થાય તેવાં તે સમાન ચલણી નાણાં છે. શિક્ષણ પધ્ધતિ બજારની સેવા ઉપરાંત આર્થિક વૃધ્ધિ અને ભૌતિક સમૃધ્ધિ માટે તે મહત્વની હોઈ શકે તેનો મુખ્ય હેતુ વ્યકિતને સમૃધ્ધ બનાવવાનો અને તેનું વિસ્તરણ કરીને વિશાળ સમાજને સમૃધ્ધ કરવાનો હોવો જોઈએ.

વિચારાયેલ શીખનારનો પ્રકાર, સંવિધાનમાં પ્રોત્સાહન અપાયેલ લોકશાહી, સમાનતા, માનવ પ્રતિષ્ઠા અને સામાજિક ન્યાય માટે આદર પર આધારિત સમાજના હિતમાં કામ કરે તેવો અને મૂલ્યો માટે પ્રેરકબળ બની રહે તેવો હશે.

આગળના શિક્ષણ અને તાલીમ પટ્ટીમાંથી ઉદ્દભવતા શીખનારે, આ દસ્તાવેજમાં અગાઉ યાદીમાં મૂકેલ મહત્વનાં અને વિકાસ પરિણામોની પ્રાપ્તિનું નિદર્શન પણ કરવું જોઈએ. મૂળભૂત શિક્ષણ ભાગના વિષયોએ સામૂહિક રીતે મહત્વનાં અને વિકાસનાં પરિણામો મેળવવા સામૂહિક રીતે પ્રોત્સાહન આપવું જોઈએ. જયારે હાર્દરૂપ અને ફરજિયાત ભાગમાંના વિશિષ્ટ વિષયોએ અમુક મહત્વાં અને વિકાસનાં પરિણામોની પ્રાપ્તિને વ્યકિતગત રીતે પ્રોત્સાહન આપવું જોઈએ.

ઉપરની બાબતો ઉપરાંત, આગળના શિક્ષણ અને તાલીમ પટ્ટીના શીખનારાઓએ

- સારી ગુણવત્તાવાળાં લાંબા સમયનાં શિક્ષણ અને તાલીમમાં પ્રવેશવું જોઈએ અને તેમાં સફળ બનવું જોઈએ.
- તર્કબધ્ધ રીતે અને પૃથ્થકરણાત્મક રીતે તેમજ ૮ઞઃચ્ત્ર'ગ્તિ્ચ્ભ બ્તિમ્ચ્ર્ભથ્ટિ  સંપૂર્ણ અને પાર્શ્વ દષ્ટિએ વિચારવાની શકિતનું નિદર્શન કરવું જોઈએ. અને
- પરિચિત પરિસ્થિતિમાંથી અજાણ સ્થિતિમાં કૌશલ તબદીલ કરી શકતો હોવો જોઈએ.

## શિક્ષકનો વિચારાયેલ પ્રકાર

દક્ષિણ આફ્રિકામાં શિક્ષણના પરિવર્તન માટે બધા શિક્ષકો અને બીજા શિક્ષણકારોએ મહત્વનો ફાળો આપ્યો છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨

(સામાન્ય) માં લાયકાત ધરાવતા કાર્યક્ષમ, સંનિષ્ઠ અને કાળજી રાખનાર શિક્ષકોની કલ્પના છે. તેઓ શિક્ષણકાર માટેનાં માપદંડ અને ધોરણોમાં દર્શાવેલી વિવિધ ભૂમિકા ભજવી શકશે. આમાં, શિક્ષણના મધ્યસ્થી, શિક્ષણ કાર્યક્રમો અને સામગ્રીના અર્થઘટનકાર અને આલેખકો, નેતા, વહીવટકર્તા, અને વ્યવસ્થાપક, વિદ્વાન, સંશોધનકાર, જીવનભર વિદ્યાવ્યસંગી, સામુદાયિક સભ્યો, નાગરિકો અને ભરવાડ ૮૦૭(૯:૭૯ મૂલ્યાંકનકાર અને વિષય નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

## માળખું અને ડિઝાઈન લક્ષણો

### રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલનું માળખું

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય)માં દસ્તાવેજનું વિહંગાવલોકન, લાયકાતો અને મૂલ્યાંકન નીત માળખા અને વિષયોના અહેવાલોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) ના વિષયોનું શીખવાના ક્ષેત્રોમાં વર્ગીકરણ કર્યું છે.

### *શીખવાનું ક્ષેત્ર શું છે ?*

શીખવાનું ક્ષેત્ર સ્તોત્ર વિષયો માટે ઘર તરીકેની ગરજ સારતો પ્રકાર છે. તે આગળના શિક્ષણ અને તાલીમ પ્રમાણપત્ર (સામાન્ય) માટે સંયોજનના નિયમો ઘડવામાં સરળતા કરી આપે છે. ધોરણ–૧૦–૧૨ માટે શીખવામાં ક્ષેત્રોના સીમાંકને સામાન્ય શિક્ષણ અને તાલીમ અને ઉચ્ચ શિક્ષણની પટ્ટી સાથે તેમજ બીજા દેશોની વર્ગીકરણ યોજનાઓ સાથેની સ્પષ્ટતાની નોંધ લે છે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય) ના વિકાસે બાર રાષ્ટ્રીય લાયકાત માળખા સંગઠન ક્ષેત્રોને તેના છોડવાના બિંદુ તરીકે લીધા હોવા છતાં, તે સંગઠન કરનાર ક્ષેત્રો આવશ્યકપણે શિક્ષણ ક્ષેત્રો અથવા 'જ્ઞાન' ક્ષેત્રો નથી પણ તે વ્યાવસાયિક પ્રકાર સાથે જોડાયેલ છે. તે પર ભાર મૂકવો જોઈએ.

શીખનારનો વિષયના સંયોજનમાં મદદ કરવા નીચેનાં વિષય જૂથોનું સીમાંકન શિક્ષણ ક્ષેત્રોમાં કરાયું હતું.

- ભાષા (મૂળભૂત)
- કલા અને સંસ્કૃતિ
- વેપાર, વાણિજય, વ્યવસ્થા અને સેવા અભ્યાસ
- ઉત્પાદન, ઈજનેરી અને પ્રૌદ્યોગિકી (ટેકનોલોજી)
- માનવ અને સમાજવિજ્ઞાન અને ભાષાઓ અને
- ભૌતિક, ગાણિતિક, કોમ્પ્યુટર, જીવન અને કૃષિવિજ્ઞાન

### *વિષય શું છે ?*

ઐતિહાસિક દષ્ટિએ વિષયની વ્યાખ્યા શૈક્ષણિક જ્ઞાનના વિશિષ્ટ સમુહ તરીકે આપી છે. વિષયની આ સમજે કૌશલ, મૂલ્યો અને વલણના ભોગે જ્ઞાન પર ભાર મૂકયો કેટલાક વિષયોને સીમાઓ સાથે આગતિક અને પરિવર્તનીય તરીકે જોયા ધણીવાર વિષયો બાબતના જ્ઞાનમાં પશ્ચિમના ફાળા પર મુખ્ય ભાર મૂકાયો.

રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય)જેવા પરિણામ આધારિત અભ્યાસક્રમમાં વિષયોની સીમા વિકૃત બનાવવામાં આવે છે. જ્ઞાન સિધ્ધાંત, કૌશલ અને મૂલ્યોને એકત્ર કરે છે. વિષયોને ગતિશીલ, નવા અને વિવિધ જ્ઞાનને પ્રતિભાવ આપનાર તરીકે જોવામાં આવે છે તેમાં પરંપરાગત રીતે શાલેય અભ્યાસક્રમમાંથી બાકાત રાખયેલ જ્ઞાનનો સમાવેશ થાય છે.

પરિણામ આધારિત અભ્યાસક્રમના વિષયની વ્યાખ્યા શિક્ષણના પરિણામથી વ્યાપક રીતે કરવામાં આવે છે, વિષયસૂચિથી નહી દક્ષિણ આફ્રિકાના સંદર્ભમાં, આલેખનથી શિક્ષણનાં પરિણામ પરથી મહત્વનાં અને વિકાસલક્ષી પરિણામો પ્રાપ્ત થાય છે. શિક્ષણનાં પરિણામની વ્યાપક વ્યાખ્યા કરાઈ છે તે પરિવર્તનશીલ છે અને તેમાં સ્થાનિક સામગ્રીનો સમાવેશ કરવાની છૂટ છે.

## *શીખવાનું પરિણામ શું છે ?*

શીખવાનું પરિણામ શીખવા અને શીખવવાના ઉદ્દિષ્ટ પરિણામોનો અહેવાલીછે તે આગળના શિક્ષણ અને તાલીમ પટ્ટીના અંત સુધીમાં શીખનારે મેળવવાનાં જ્ઞાન, કૌશલ, અને મૂલ્યોનું વર્ણન છે.

## મૂલ્યાંકન ધોરણ શું છે ?

મૂલ્યાંકન ધોરણો એવા માપદંડ છે જે સામૂહિક રીતે શીખનારે શું જાણવું જોઈએ અને વિશિષ્ટ કક્ષાએ શું નિદર્શન કરી શકવું જોઈ તે દર્શાવે છે. તે શિક્ષણનાં પરિણામ પ્રાપ્ત કરવાનાં જ્ઞાન, કૌશલ અને મૂલ્યોને સાકાર કરે છે. દરેક શિક્ષણના પરિણામની અંદરનાં મૂલ્યાંકન ધોરણો કક્ષાએ કક્ષાએ વિભાવનાયુક્ત પ્રગમન કેવી રીતે થાય છે તે સામુહિક રીતે દર્શાવે છે.

## ભાષા શીખવાના ક્ષેત્રમાં વિષય અહેવાલની વિષયસૂચિ

ભાષા શીખવાના ક્ષેત્રમાં દરેક વિષયના અહેવાલમાં ચાર પ્રકરણો અને શબ્દસૂચિ હોય છે.

- પ્રકરણ–૧ : રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલનો પરિચય : આ સામાન્ય પ્રકારનું પ્રકરણ છે તે રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલ ધોરણ–૧૦–૧૨ (સામાન્ય)નો પરિચય કરાવે છે.
- પ્રકરણ–૨ : ભાષા શીખવાના ક્ષેત્રનો પરિચય : આ પ્રકરણ ભાષા શીખવાના ક્ષેત્રમાં મહત્વનાં લક્ષણોનો પરિચય આપે છે તેમાં શીખવાના ક્ષેત્રની વ્યાખ્યા તેનાં હેતુ, વ્યાપ, શૈક્ષણિક અને કારકિર્દી કડીઓ અને શિક્ષણનાં પરિણામ છે.
- પ્રકરણ–૩ : શિક્ષણનાં પરિણામ, મૂલ્યાંકન ધોરણો, વિષયસૂચિ અને સંદર્ભો : આ પ્રકરણમાં શિક્ષણનાં પરિણામ અને સહ–મૂલ્યાંકન ધોરણો તેમજ મૂલ્યાંકન ધોરણો મેળવવા માટે વિષયસૂચિ અને સંદર્ભોનો સમાવેશ થાય છે.
- પ્રકરણ–૪ : મૂલ્યાંકન આ પ્રકરણમાં મૂલ્યાંકન માટેનાં સિધ્ધાંતોની રૂપરેખા આપી છે તે મૂલ્યાંકન પર નોંધ અને અહેવાલ માટે સૂચનો આપે છે તેમાં વિષય વિશિષ્ટ ક્ષમતા વર્ણનોની યાદી પણ છે.

કાર્યસૂચિ : – યોગ્ય હોય ત્યાં પસંદ કરેલા સામાન્ય અને વિષય – વિશિષ્ટ શબ્દોની ટુંકમાં વ્યાખ્યા આપી છે.

## શીખવાના કાર્યક્રમની માર્ગદર્શક સૂચનાઓ

શીખવાના કાર્યક્રમમાં આગળના શિક્ષણ અને તાલીમ પટ્ટીમાં ત્રણ કક્ષા માટે શીખવાના અને મૂલ્યાંકનના વ્યાપ નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે. આ યોજનામાં શીખનારા અમુક કક્ષા માટેનાં મૂલ્યાંકન ધોરણોને ઠરાવેલાં શિક્ષણનાં પરિણામ મેળવે એ નિશ્ચિત કરાયું છે. શીખવાના કાર્યક્રમની માર્ગદર્શક સૂચનાઓ ગુણવત્તાવાળું શીખવા–શીખવવા અને મૂલ્યાંકન કાર્યક્રમોનું આયોજન અને આલેખન કરવામાં શિક્ષકો અને અન્ય શીખવવાના કાર્યક્રમ વિકસાવનારઓનું મદદરૂપ નીવડે છે.

# પ્રકરણઅર

# ભાષા શીખવાના ક્ષેત્રનો પીરચય

## વ્યાખ્યા

ભાષા વિચાર અને સંદેશાવ્યવહાર માટેનું સાધન છે. ભાષા મારફત જ સાંસ્કૃતિક વૈવિધ્ય અને સામાજિક સંબંધો વ્યકત થાય છે. અને બંધાય છે. ભાષાનો અસરકારક ઉપયોગ કરવાનો શીખવાથી, શીખનાર વિચારી શકે છે. જ્ઞાન મેળવી શકે છે. તેમનાં ઓળખ, લાગણીઓ અને વિચારો વ્યકત કરી શકે છે. બીજાઓ સાથે આંતરકિંયા કરી શકે છે અને તેમની દુનિયાની વ્યવસ્થા કરી શકે છે.

## હેતું

દક્ષિણ આફ્રિકાની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા જોંતા, તેના નાગરિકો ભાષના અવરોધો પાર કરીને સંદેશાવ્યવહાર કરી શકે તેવા હોવા જોઈએ અને સાંસ્કૃતિક અને ભાષાકીય સંગઠન અને સમજવું જતુ ન કરતાં હોવા જોઈએ. દેશની ભાષાકીય વિવિધતા સ્વીકારીને અગિયાર સત્તાવાર ભાષાઓને સંવિધાનમાં માન્ય રાખીને અને અને વધારાના બરુભાષાવાદની શિક્ષણ નીતિમાં તેનું મૂલ્યાંકન કહયું છે. શીખવાડનારોઓને મૂળ વિષય તરીકે ઓછામાં ઓછી બે સત્તાવાર ભાષઓ શીખવાનું ફરજિયાત છે. બીજી ભાષાઓ મૂળ અને / અથવા ફરજિયાત વિષયો તરીકે લઈ શકાય.

સામાન્ય શિક્ષણ અને તાલીમ જૂથમાં શીખનારની માતૃભાષાનું પૂરેપૂરું જ્ઞાન વિકસાવવામાં આવે છે. તે અધિક ભાષાઓ શીખવા માટે સુદઢ પાયો પૂરો પાડે છે. શીખનાર ધો—૧૦ સુધી પહોંચે તયાં સુધીમાં તેમણે અધિક ભાષાઓ અનુભવી અને ચકાસી હોય છે અને શીખવા માટે અધિક ભાષાનો પણ ઉપયોગ કર્યો હોય છે. આગળના શિક્ષણ અને તાલીમ જૂથ માટેનો અભ્યાસક્રમ શીખનારાઓની માટે બરુભાષા કૌશલ સુદઢ બનાવવાની અને વિકસાવવાની તક પૂરી પાડે છે. શીખનારાઓ ધોરણમાંથી પસાર થતાં કે, તેમણે પરિસ્થિતિની વ્યાપક શ્રેણીમાં વધારે વાકયકર્તા, કાબેલિયત અને ચોકસાઈ સાથે ભાષાનો ઉપયોગ કરવાનો હોય છે. તે તેમના ભણતર માટે વધારે જવાબદારી ઉઠાવે છે. અને વધારે પડકારરૂપ અને જટિલ રીતે તેમના ભાષા કૌશલનો ઉપયોગ કરે છે.

એકવીસમી સદીના વૈશ્વિક અર્થતંત્રમાં સમાજમાં અને કામના સ્થળે અસરકાર રીતે ભાગ લેવા, માધ્યમો, ગ્રાફિક માહિતી, કોમ્પ્યુટર, સાંસ્કૃતિક અને ટીકાત્મક સાક્ષરતા જેવાં જુદાં જુદાં સ્વરૂપોનો સમાવેશ કરવા, સાક્ષરતાની શ્રેણી સાંભળવા, બોલવા, વાંચવા, લખવા અને મૌખિક પરંપરાઓની પાર વિસ્તરી છે. ભાષઢ ।નો અભ્યાસક્રમ દક્ષિણ આફ્રિકન તરીકે અને વૈશ્વિક સમાજનમાં સભ્ય તરીકે જે પડકારસ્તરે સામનો કરવાનો છે તે માટે શીખનારાઓને તૈયાર કરે છે.

આગળના શિક્ષણ અને તાલીમ અભ્યાસક્રમ નીચેના ઉદ્દેશ સહિત મહત્વના અને વિકાસ પરિણામની ઘણીખરી જરૂરિયાતોને પહોંચી વળવા બધા શીખનારોઓને તૈયાર કરે છે.

- સામાન્ય શિક્ષણ અને તાલીમ જૂથમાં તેમજ અભ્યાસક્રમ બહાર શૈક્ષણિક રીતે ભણવા અને પાઠયપુસ્તકોના સૌંર્દયની કદર કરવા અને માણવા માટે વિકસિત ભાષા કાબેલિયત વિસ્તૃત અને ગહન બનાવવી, જેથી શીખનારા વિશ્વાસપૂર્વક સાંભળી શકે, બોલી શકે, વાંચી/જોઈ શકે, લખી/રજૂઆત કરી શકે. આ કૌશલ અને વલણ જીવનભરના શિક્ષણ માટેનો પાયો નાખે છે.
- શ્રોતા, હેતુ અને સંદર્ભ ધ્યાનમાં લઈ, વાસ્તવિક જીવનના સંદર્ભમાં ભાષાનો યોગ્ય ઉપયોગ કરવો.
- સ્વતંત્ર અને પૃથકકરણાત્મક વિચારક બનવા માટે તેમનાં પોતાનાં વિચાર દષ્ટિબિંદુ અને લાગણી વિશ્વાસપૂર્વક વ્યકત કરવા અને વાજબી ઠરાવવાં.
- માનવ અનુભવ દર્શાવવા અને તપાસવા ભાષા અને કલ્પના શકિતનો ઉપયોગ કરવો. પાઠયપુસ્તકોની વિશાળ શ્રેણી સાથે આંતરક્રિયા કરીને, શીખનારા તેમનાં પોતાના જીવન અને અને અનુભવો પર અસર પાડી શકે અને વૈકલ્પિક વિશ્વ—વિચારો વિચારી શકે.
- અભ્યાસક્રમ બહારનું શીખવા માટે અને અન્ય સંદર્ભોની વિશાળ શ્રેણીમાં માહિતી મેળવવા અને તેની વ્યવસ્થા કરવા. ''માહિતી યુગ''માં માહિતી સાક્ષરતા મહત્વનું કૌશલ છે અને જીવનભરના શિક્ષણ માટે પાયારૂપ છે.

- વિવેચન અને રચનાત્મક વિચારણા માટે ભાષનો સાધન તરીકે ઉપયોગ કરવો. આ ઉદ્દેશ, ભાષા અને વિચારણા વચ્ચે આંતરક્રિયા મારફત જ્ઞાનનું સામાજિક રીતે નિર્માણ થાય છે એવું આ ઉદ્દેશમાં સ્વીકારાયું છે.
- નૈતિક પ્રશ્નો અને મૂલ્યો અંગે વિચાર કરીને અભિપ્રાય વ્યકત કરવો. તેમની પોતાની મૂલય પધ્ધતિ વિકસાવવા માટે, બાળકોના સ્ત્રીઓના, અશકતો અને વૃદ્ધોના હક, વંશ, સંસ્કૃતિ, વિચારશરણી, વર્ગ, માન્યતા પધ્ધતિ, જાતિ, એચઆઈવી / એઈડઝ, અભિવ્યકિતનું સ્વાતંત્ર, સેન્શરશીપ અને પર્યાવરણ સાથે જોડાયેલા પ્રશ્નો જેવા માનવહક અને જવાબદારીઓને લગતાં પાઠયપુસ્તકો સાથે પ્રવૃત્ત થવું.
- પાઠયપુસ્તકોમાંથી વિશાળ શ્રેણી સાથે સમજીને આંતરક્રિયા આપવી. શીખનારા પાઠપયુસ્તોમાં આપેલાં પરિપ્રેક્ષ્યો, મૂલ્યો, અને શકિતના સંબંધોને પિછાણી પડકારી શકશે.
- જુદી જુદી ભાષાઓ અને ભાષાની વિવિધતાના અસમાન દરજ્જાને ઓળખો. શીખનારા કોઈ ભાષા અથવા ભાષાની વિવિધતાના પ્રભુતવને પડકારી શકશે અને બહુભાષી સમાજમાં તેમના ભાષા હક રજૂ કરી શકશે.

## વ્યાપ

### સમાવેશતા

ભાષાઓ શીખવાડવા અને તેના મૂલ્યાંકનમાં તમામ શીખનારઓના સમાવેશ માટે જોગવાઈ કરવી જોઈએ અને બધા શીખનારાઓને ભાષાનાં પાઠયપુસ્તકોમાં પ્રવેશ અને તેના નિર્માણમાં મદદરૂપ થવાના વ્યુહ શોધવા જોઈએ. અવરોધ અનુભવતા કેટલાક વિદ્યાર્થીઓ, રાષ્ટ્રીય અભ્યાસક્રમ અહેવાલમાં રજૂ કરેલાં કેટલાંક મૂલ્યાંકન ધોરણો મેળવી નહિ શકે. નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

- મૌખિક અને બિન–મૌખિક સંદેશાવ્યવહારનાં તમામ સ્વરૂપ સહિત,ઈશારા કરેલ વ્યવહાર અને સંદેશાવ્યવહારના સહાયક સાધનો સહિત, 'વર્ણન કરો', 'ફરી ગણો', 'કરો', 'ફરી કહો' 'ફકરાલેખન', 'વાત કરો' , 'કહો', 'બોલો', 'ચર્ચા કરો', 'સમજવો', 'પૂછો', 'વાતચીત કરો' જેવા શબ્દો સમજી લેવા જોઈએ તે જ પ્રમાણે 'મૌખિક' શબ્દમાં ઈશારાની ભાષા અને પ્રસ્તુત હોય તેવી બીજી વૈકલ્પિક સંદેશાવ્યવહાર પધ્ધતિનો સમાવેશ થાય છે.
- 'સાભળો', 'જુઓ', 'વાંચો' , અને 'દષ્ટિ કરો' શબ્દોમાં હોઠ ફફડાવવા અને ઈશારાની ભાષા પર દેખરેખ શીખવા જેવા સંદશાવ્યવહારના સ્વરૂપનો સમાવેશ થાય છે.
- દષ્ટિની ખામીવાળા શીખનારાઓને બ્રેઈન, શ્રાવ્યપટ્ટી, વિશાળ, પ્રિન્ટ, અમૂર્ત સામગ્રી અને ચિત્રો જેવાં સ્વરૂપે સામગ્રી અને પુસ્તકોની જરૂર પડે. ''કલ્પના કરવી'' ની વિભાવના શારિરિક રીતે વ્યકત કરી શકાય. 'વાંચવા' ના સંદર્ભોમાં બ્રેઈન અને વાતચીતનાં પુસ્તકો જેવાં સાધનોમાં સમાવેશ થાય છે.

### ભાષાની કક્ષા

આગળના શિક્ષણ અને તાલીમ જૂથમાં ભાષા શીખવામાં બધી સત્તાવાર ભાષાઓ–આફ્રિકન, અંગ્રેજી, ઈસીન્ડેબેકો, ઈસિકસોસા, ઈસીઝુંલ, સેંપડી (સેસોથો સા લોનાઓ) સેસોથો, સેત્સવાના,સિસ્વતી,સિવેન્ડા,ક્ષિત્સોન્ગા તેમજ સાઈન લેગ્વેઝ છે અને પાન દક્ષિણ આફ્રિકન ભાષા બોર્ડ સમર્થન કરે તેવી બીજી ભાષાઓને લાગુ પાડી શકાય.

માતૃભાષા પ્રથમ અધિકભાષા, દ્વિતીય અધિક ભાષાઓ માટેના વિષય અહેવાલો માન્ય બિન–સત્તાવાર ભાષાઓ માટે અનુવાદ કરી શકાય અને ભાષઓને અભ્યાસક્રમના મૂળ અથવા મરજિયાત ભાગ તરીકે પણ આપી શકાય.

નીચેની કક્ષાએ બધી ભાષાઓ આપી શકાય.

- માતૃભાષા : શીખનારની ઘરની ભાષા સંદઢ બનાવાની અને વિકસાવવાની જરૂર છે. જેથી વધારાની ભાષા શીખવા માટે સંગીન પાયો પૂરો પાડી શકે. આગળના શિક્ષણ અને તાલીમ જૂથમાં, બધી સત્તાવાર દક્ષિણ આફ્રિકન ભાષાઓને ઉચ્ચ અને આંતરરાષ્ટ્રીય રીતે સરખાવી શકાય. તેનાં ધોરણોવાળા અને આંતરરાષ્ટ્રીય રીતે સરખાવી શકાય તેવાં ધોરણોવાળાં માતૃભાષા શીખવાનાં પરિણામ હોય છે. સત્તાવાર ભાષાઓ માટે સમાન દરજ્જાની સંવિધાન

જરૂરિયાતો સાથે સુસંગત છે. ઘરની ભાષાની સમાન કુળ કક્ષા એવી હોવી જોઈએ કે તે શીખવા અને શીખવવાની ભાષા તરીકે ઉપયોગમાં લઈ શકાય. સાંભળવાના અને બોલવાના કૌશલને વધુ વિકસાવીને પરિષ્કૃત કરવામાં આવશે, પરંતુ આ કક્ષાએ શીખનારના વાંચવા–લખવાના કૌશલને વિકસાવવા પર ભાર મૂકવાનો રહેશે.

- પ્રથમ અધિક ભાષા : પ્રથમ અધિક ભાષા શીખવાથી બહુભાષાવાદ અને આંતર સાંસ્કૃતિક સંદેશાવ્યવહારને પ્રોત્સાહન મળે છે. પ્રથમ અધિક ભાષા શીખવાનાં પરિણામ, અભ્યાસક્રમની પાર અસરકારક રીતે શીખવા માટે ઉંબરા કક્ષાને પહોંચી વળે તેવી ભાષા પ્રાવિણ્યની કક્ષાની જોગવાળ કરે છે, કેમ કે શીખનારા દક્ષિણ આફ્રિકાના સંદર્ભમાં તેમની પ્રથમ અધિક ભાષાના માધ્યમ મારફત શીખી શકે. આમાં વિચારવા અને ભણવા માટે જરૂરી અમૂર્ત સમાન કુળ શૈક્ષણિક ભાષા કૌશલનો સમાવેશ થાય છે. આ બધી સત્તાવાર ભાષાઓને લાગુ પડે છે. સાંભળવા, બોલવા, વાંચવા અને લખવાના કૌશલ પર સમાન ભાર મૂકવામાં આવશે.
- દ્વિતીય અધિક ભાષા : દ્વિતીય અધિક ભાષા શીખવાથી બહુભાષાવાદ અને આંતર સાંસ્કૃતિક સંદેશાવ્યવહારની વૃદ્ધિ થાય છે. વાંચવા–લખવાના કૌશલને વિકસાવવામાં આવશે છતાં, આ કક્ષાએ સાંભળવા અને બોલવાનું કૌશલ વિકસાવવા પર ભાર મૂકવામાં આવશે. દ્વિતીય અધિક ભાષાના સ્તરનો લક્ષ્યાંક સુધારેલી આંતર વૈયકિતક સંદેશાવ્યવહારનો હોવો જોઈએ.

આગળનો શિક્ષણ અને તાલીમ જૂથનો મૂળભૂત ભાગમાં, બધા શીખનારે, બે સત્તાવાર ભાષાઓનો અભ્યાસ કરવો જ જોઈએ. એક ઘરભાષા હોવી જોઈએ અને બીજી પ્રથમ અધિક ભાષા અથવા માતૃભાષાની કક્ષાની હોવી જોઈએ. મૂળભૂત ભાગની એક ભાષા શીખવાની ભાષા અને શીખનારની શીખવવાની ભાષા હોવી જોઈએ અને મરજિયાત વિભાગમાં, ખાસ કરીને ભાષાઓમાં અથવા બહુભાષાવાદની પ્રગચિ માટે રસ ધરાવતા હોય તેમના માટે સત્તાવર ભાષાને માતૃભાષા, પ્રથમ અધિક ભાષા અને / અથવા દ્વિતીય અધિક ભાષાની કક્ષાએ લેવી જોઈએ.

## શૈક્ષણિક અને કારકિર્દી કડી

સામાન્ય શિક્ષણ અને તાલીમ જૂથમાં, ભાષાઓ અંગેની કામગીરી ભાષા શીખવાના ક્ષેત્રમાં થાય છે. આગળના શિક્ષણ અને તાલીમ જૂથમાં, ભાષા શીખવાના ક્ષેત્રને શીખવાના ક્ષેત્રની વ્યવસ્થા કરતા દક્ષિણ આફ્રિકા લાયકાત સત્તાતંત્ર સાથે જોડવમાં આવે છે. વ્યવસ્થાના આ સિદ્ધાંતોનો ઉપયોગ સામાન્ય શિક્ષણ અને તાલીમ જૂથમાં છે તે જ મુજબ કરાયો છે.

- સાંભળવા, બોલવા, લખવા અને વાંચવાનાં ભાષા કૌશલ શીખવાનાં પરિણામનો વિકાસ માટે પાયરૂપ છે, અને
- પાઠયપુસ્તકોની વિશાળ શ્રેણીનો ઉપયોગ કરવાથી વ્યકિતગત, રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્રશ્નો શોધી શકાય છે અને દુનિયાના વિકસતું જ્ઞાન નિર્માણ કરી શકાય છે.

ભાષાઓના અભ્યાસથી, પત્રકારત્વ, ભાષાંતર, ભાષા શીખવવી, ખરીદવેચાણ, જાહેરખબર, મુત્સદીગીરી વગેરે જેવો ભાષાલક્ષી કારકિર્દી મેળવી શકાય છે. તેમ છતાં, રોજબરોજના જીવન ઉપરાંત કામગીરીના સ્થળે બધા શિક્ષણનો પાયો ભાષાઓ છે તે સ્પષ્ટ છે. સાહસિકતાનાવિકાસનો આધાર શીખનારની ભાષાક્ષમતા પર છે. ખૂબ સ્પર્ધાત્મક પ્રોદ્યોગિકી દુનિયામાં સંદેશાવ્યવહારની ક્ષમતા પર શીખનારનો પ્રવેશ નકકી થાય છે. ભાષા પ્રવેશદ્વારનો વિષય છે. તેને નબળી રીતે શીખવવામાં આવે, તો તે શીખનારની કારકિર્દીનો વિકલ્પો અલગ રીતે મર્યાદિત કરી નાખે છે.

રોજિંદા કામ પૂરાં કરવા માટે સાક્ષરતા પાયો છે. તે શીખનાર દુનિયા સામે કામ પાડવા જોઈએ તે જીવનનાં કૌશલમાં ફાળો આપે છે. શીખનારની નજીકના સમાજમાં લોકો સાથે અર્થપૂર્ણ સંબંધો સરળ કરી આપતું સાધન ભાષા છે. જે સંવેદનશીલતા ભાષામાં વપરાય તે ઘણાં આંતર વ્યકિતગત સંબંધોની સફળતા કે નિષ્ફળતા નકકી કરે છે શીખવવાનાં પરિણામ.

## શિક્ષણનું પરિણામ

ઉપર દર્શાવેલ વ્યાપ અને હેતુઓ ચાર શીખવવાના પરિણામમાં એકત્રિત કરાયા છે. જોકે, આ પરિણામોની યાદી અલગ તૈયાર કરાઈ હોવા છતાં, તેને શીખઢ વવામાં આવે અને મૂલ્યાંકન કરાય ત્યારે એકત્રિત કરવી જોઈએ.

### શીખવવાનાં પરિણામ ૧ : સાંભળવું અને બોલવું

શીખનાર જુદા જુદા હેતુ, પ્રેક્ષકો અને સંદર્ભ માટે સાંભળી અને બોલી શકે.

શીખનાર સમજે છે કે બોલવું અને સાંભળવું એ સામાજિક પ્રવૃત્તિઓ છે. તે અમુક સંદર્ભમાં અને જુદા જુદા હેતુઓ અને પ્રેક્ષકો બંને માટે છે. મૌખિક અને રજિસ્ટરોમાં તદનુસાર ફેરફાર હોય છે. તેઓ શાલેય અને અશાલેય સંદર્ભ શ્રેણીમાં યોગ્ય મૌખિક ફોર્મ (     ) અને રજિસ્ટારોનો ઉપયોગ કરે છે.

સાંભળવું અને બોલવું બધા વિષયો ભણવામાં કેન્દ્રસ્થાને છે. અસરકારક સાંભળવા અને બોલવાના વ્યૂહથી, શીખનારા માહિતી એકઠી કરી તેનું સંયોજન કરે, જ્ઞાનનું નિર્માણ કરે, પ્રશ્નો હલ કરે અને વિચારો અને અભિપ્રાય વ્યકત કરે. સારી રીતે સાંભળવાના કૌશલથી શીખનાર પાઠયપુસ્તકોમાં દર્શાવેલ મૂલ્યો અને વલણ ઓળખી શકે અને પૂર્વગ્રહવાળો અને ચાલાકીવાળો ભાષાને પડકાર ફેંકી શકે તેવા બનાવે છે.

### શીખવાનું પરિણામ ૨ : વાંચવું અને જોવું.

શીખનાર સમજવા માટે વાંચી અને જોઈ શકે છે, ચોકકસ મૂલ્યાંકન કરી શકે અને પાઠયપુસ્તકોની વિશાળ શ્રેણીને પ્રતિભાવ આપી શકે છે.

અભ્યાસક્રમ બહાર સફળતાપૂર્વક શીખવા માટે તેમજ સમાજમાં અને કામની દુનિયામાં પૂરેપૂરો ભાગ લેવા સુવિકસિત વાચન અને જોવાનું કૌશલ કેન્દ્રસ્થાને છે. શીખનારા માહિતી માટે સાહિત્યિક અને બિન–સાહિત્યિક પાઠયપુસ્તકોની વિશાળ શ્રેણી તેમજ દશ્ય પાઠયપુસ્તકો વાંચવા અને જોવામાં પ્રવીણતા વિકસાવે છે. ફોર્મ (      ) અને રજિસ્ટર હેતુ, પ્રેક્ષકો અને પાઠયપુસ્તકોમાં સંદર્ભનું પ્રતિબિંબ કેવી રીતે પાડે છે તે શીખનારા જાણે છે. શીખનારાઓ પાઠયપુસ્તકો વાંચવા અને તેના પ્રકારના હેતુના આધારે જુદ જુદા વાંચવાના અને જોવાના વ્યુહનો ઉપયોગ કરે છે. તે પાઠયપુસ્તકોના અર્થ કરે છે. અને ઝીણવટપૂર્વક પ્રતિભાવ આપે છે. વાંચીને અને જોઈને શીખનારા બીજાઓની સાથે તેમના પોતાના અસ્તિત્વના આંતર સબંધ તપાસે છે અને તેનું પરાવર્તન પણ કરે છે. સાહિત્ય પાઠયપુસ્તકોના વાંચન તેના પોતાના લખાણ માટે શીખનારને નમૂના પૂરા પાડે છે.

### શીખવાનાં પરિણામ ૩ : લખવું અને રજૂઆત કરવી.

જુદા જુદા સંદર્ભને યોગ્ય શિરસ્તા અને નમૂનાનો ઉપયોગ કરીને શીખનાર હેતુ અને પ્રેક્ષેકોની વિશાળ શ્રેણી માટે લખી શકે છે અને રજૂઆત કરી શકે છે.

લખાણ સંદેશાવ્યવહારનું શકિતશાળી સાધન છે. તે શીખનારને વિચારો અને ખ્યાલોનું સુસંગત રીતે નિર્માણ કરવા અને સંદેશાવ્યવહાર કરવા દે છે. જુદાં જુદાં સંદર્ભ, કાર્યો અને વિષયના ક્ષેત્રો અને વારંવાર લખવાના મહાવરાથી શીખનારા કાર્યલક્ષી અને રચનાત્મક રીતે સંદેશાવ્યવહાર કરી શકે. આનો હેતુ કાર્યક્ષમ અને બહુશ્રુત લેખકો ઊભા કરવાનો છે. તેઓ વિવિધ હેતુઓ માટે યોગ્ય લિખિત, દશ્ય અને બહુમાધ્યમ પાઠયપુસ્તકો વિકસાવવામાં પોતાના કૌશલનો ઉપયોગ કરી શકશે.

## શીખવાના પરિણામ ૪ : ભાષા

**શીખનાર ભાષાની રચના અને પરંપરાનો યોગ્ય રીતે અને અસરકારક રીતે ઉપયોગ કરી શકશે.**

જુદાં જુદાં પાઠયપુસ્તકોની આંતરક્રિયા કરીને, શીખનારા તેમના શબ્દભંડોળનો ઉપયોગ લંબાવી શકશે અને ભાષા રચવાની તેમની સમજનો સાચી રીતે ઉપયોગ કરશે. મૂલ્યો અને શકિતના સંબંધો ભાષામાં કેવી શીતે સ્થિર થાય છે અને ભાષા કેવી રીતે બીજા પર પ્રભાવ પાડે છે તે અંગે તેઓ મહત્વની જાગૃતિ વિકસાવે છે.

# પ્રકરણ૩

# શીખવાનાં પીરણામ, મૂલ્યાંકન ધોરણો,ીવષયસૂીચ અને સંદભોઁ

## ધોરણ –૧૦

### શીખવાના પરિણામ ૧

### સાંભળવું અને બોલવું

શીખવાના જુદાં જુદાં હેતુ શ્રોતા અને સંદર્ભો માટે સાંભળી અને બોલી શકે છે :

### મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર**

- સામાજિક હેતુઓ માટે મૌખિક સંદેશાવ્યવહારનાં જુદાં જુદાં સ્વરૂપનું નિદર્શન કરી શકે.
  - અનુભવો પર ટિપ્પટી કરવું, તૈયાર પ્રતિભાવ આપવો અને વાર્તા કહેવી
  - સંચાલિત વાતચીત શરૂ કરી જાળવી રાખવી.
  - સરળ આદેશો અને સૂચનાઓ આપી અનુસરવું.

  - પોતાના વિચારો અને અભિપ્રાય દર્શાવીને અને બીજાના વિચારો અને અભિપ્રાયો બરાબર સાંભળીને અને તેને માન આપીને સંચાલિત જૂથ ચર્ચામાં આંતરક્રિયા કરવી, જયારે પરિચિત પ્રશ્નો અંગે મર્યાદિત પ્રમાણમાં વ્યસ્ત રહેવું.
  - ટૂંકુ પ્રવચન અથવા રજૂઆત તૈયાર કરવી.

- મૌખિક રજુઆત માટે આયોજન અને સંશોધન કૌશલનું નિદર્શન કરી શકે ત્યારે
  - પૂર પાડેલા અથવા પ્રસ્તુત સ્રોતની શ્રેણી વડે ઉલ્લેખ કરીને પરિચિત વિષય અંગે સંશોધન કરવું.
  - મુખ્ય વિચારો અને વિગતો અથવા સમર્થન માટેનાં દષ્ટાંત પસંદ કરીને પસંદ કરેલી સામગ્રી સુસંગત રીતે ગોઠવવી.
  - શબ્દભંડોળ, ભાષા–રચના અને નમૂના મુકરર કરવાં અને પસંદ કરવાં.
  - યોગ્ય પ્રસ્તાવના અને સમુદાય તૈયાર કરવાં.
  - ચાર્ટ, પોસ્ટર, ફોટો, સ્લાઈડ, પ્રતિરૂપ, સંગીત, ધ્વનિ અને વીજાણું માધ્યમ જેવાં કેટલાંક દશ્ય, શ્રાવ્ય અને દશ્ય–શ્રાવ્ય સાધનો દાખલ કરવાં.

## ધોરણ – ૧૧

### મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર**

- સામાજિક હેતુઓ માટે મૌખિક સંદેશાવ્યવહારના જુદાં જુંદા સ્વરૂપોનું નિદશૂન કરી શકે :
  - અનુભવ પર ટિપ્પણી કરવી, તૈયારી સાથે અને તૈયારી સિવાય પ્રતિભાવ આપવા અને વાર્તા કહેવી.
  - વાતચીત શરૂ કરવી અને જાળવી રાખવી.
  - આદેશો અને સૂચનાઓ આપવાં અને તેને અનુસરવું.
  - પોતાના વિચારો અને અભિપ્રાય વ્યકત કરીને, બીજાના વિચારો અને અભિપ્રાય બરાબર સાંભળીને અને તેને માન આપીને જૂથ ચર્ચામાં આંતરક્રિયા કરવી, જયારે પરિચિત પ્રશ્નોમાં વ્યસ્ત રહેવું.
  - ટૂંકું પ્રવચન અથવા રજૂઆત તૈયાર કરવી.
- મૌખિક રજૂઆત માટે આયોજન અને સંશોધન કૌશલનું નિદર્શન કરી શકે.
  - સ્રોતની શ્રેણીનો ઉલ્લેખ કરીને પરિચિત વિષય પર સંશોધન કરવું.
  - મુખ્ય વિચારો અને પ્રસ્તુત વિગતો અથવા સમર્થન માટેનાં દષ્ટાંત પસંદ કરીને સામગ્રીને સુસંગત રીતે ગોઠવવી.
  - શબ્દભંડોળ, ભાષારચના અને નમૂના મુકરર કરવાં અને પસંદ કરવાં.
  - યોગ્ય પ્રસ્તાવના અને સમાપન તૈયાર કરવાં.
  - ચાર્ટ, પોસ્ટર, ફોટો, સ્લાઈડ, પ્રતિરૂપ, સંગીત, ધ્વનિ અને વીજાણું માધ્યમો જેવાં યોગ્ય દશ્ય શ્રાવ્ય અને દશ્ય–શ્રાવ્ય સાધનો દાખલ કરવાં.

## ધોરણ – ૧૨

### મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર**

- સામાજિક હેતુ માટે મૌખિક સંદેશાવ્યવહારનાં જુદાં જુદાં સ્વરૂપનું નિદર્શન કરી શકે :
  - અનુભવો પર ટિપ્પણી કરવી, પરિસ્થિતનો બચાવ કરવો, તૈયારી કરીને અને તૈયારી વગર પ્રતિભાવ આપવા અને વાર્તા કહેવી.
  - વાતચીત શરૂ કરી જાળવી રાખવી.
  - આદેશો અને સૂચનાઓ ચોકસાઈપૂર્વક આપવી અને તેને અનુસરવું.
  - પોતાના વિચાર અને અભિપ્રાય વ્યકત કરીને અને બીજાના વિચાર અને અભિપ્રાયને ધ્યાનપૂર્વક સાંભળીને અને તેને માન આપીને જૂથ ચર્ચામાં સક્રિયપણે આંતરક્રિયા કરવી, જયારે પરિચિત પ્રશ્નોની શ્રેણીમાં વ્યસ્ત રહેવું.
  - ટૂંકું પ્રવચન રજૂઆત તૈયાર કરવી.
- મૌખિક રજૂઆત માટે આયોજન અને સંશોધન કૌશલનું નિદર્શન કરી શકે :
  - સ્રોતની શ્રેણીનો ઉલ્લેખ કરીને પરિચિત વિષયનું સંશોધન કરવું.
  - મુખ્ય વિચાર અને પ્રસ્તુત વિગતો અને સમર્થન માટેનાં દષ્ટાંત પસંદ કરીને સામગ્રીની શ્રેણીને સુસંગત રીતે ગોઠવવી.
  - યોગ્ય શબ્દભંડોળ, વાકયરચના અને ફોર્મ મુકરર કરવાં અને પસંદ કરવાં.
  - અસરકારક પ્રસ્તાવના અને સમાપન કરવા.
  - ચાર્ટ, પોસ્ટર, ફોટો, સ્લાઈડ, પ્રતિકૃતિ, સંગીત, ધ્વનિ અને વીજાણુ માધ્યમ જેવાં યોગ્ય દશ્ય, શ્રાવ્ય અને દશ્ય–શ્રાવ્ય સાધનો દાખલ કરવાં.

# ધોરણ –૧૦

## શીખવાના પરિણામ ૧

### સાંભળવું અને બોલવું

શીખવાના જુદાં જુદાં હેતુ શ્રોતા અને સંદર્ભો માટે સાંભળી અને બોલી શકે છે :

## મૂલ્યાંકન ધોરણ

### આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર

■ સાંભળવાના અને મૌખિક રજૂઆતમાં વાક્ચાતુર્યના કૌશલનું નિદર્શન કરવા :

- અલંકારિક પ્રશ્નો, વિરામ અને પુનરાવર્તન જેવી પરિચિત અલંકારિક પ્રયુકિતઓ ઉપયોગ કરવો.
- અવાજ સ્વર પ્રાયોજના, નેત્ર સંપર્ક, અંગવિન્યાસ( .ફકતગચભ ) ચેષ્ટા ટન્ભ(ત્ગ્ચભ() નો ઉપયોગ કરવો અને તેનો યોગ્ય પ્રતિભાવ આપવો.
- અર્થને વિકૃત કર્યા સિવાય સામાન્ય શબ્દોનો ઉચ્ચાર કરવો.
- નોંધ તૈયાર કરીને અને / અથવા ફરીથી કહીને મૌખિક પાઠયપુસ્તકના અર્થગ્રહણનું નિદર્શન કરવું.

- ધ્યાનપૂર્વક સાંભળવુ અને સ્પષ્ટતા માટે સાદા પ્રશ્નોના ઉત્તર આપવા.

■ મૌખિક પરિસ્થિતિમાં ભાષાના ઉપયોગની ચોકસાઈભરી જાગૃતિનું નિદર્શન કરવું :

- હેતુ, શ્રોતા અને સંદર્ભના હેતુને માફક આવે તેવી યોગ્ય શૈલી અને રજિસ્ટરનો, વધારે જાગૃત કરીને ઉપયોગ કરવો.
- હકીકત અને અભિપ્રાય વચ્ચેનો તફાવત શોધવો.
- ભાષાના ઉપયોગ અંગે ટિપ્પણી કરવી અને પ્રેરણા આપવા પ્રયત્ન કરવો.
- ભાષા અને સંસ્કૃતિ વચ્ચેની કડી શોધવી.
- જાહેરખબરમાં હોય છે તેવી દેખીતી રીતે ચાલકીભરી ભાષાને ઓળખવી અને પડકારવી.

## ધોરણ – ૧ ૧

### મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર**

- મૌખિક વાક્છટાવાળી રજૂઆત સાંભળવા અને કરવાના કૌશલનું નિદર્શન શકે :
  - અલંકારિક પ્રશ્નો, વિરામ અને પુનરાવર્તન જેવા પરિચિત અલંકારિક પ્રયુક્તિ વડે ઉપયોગ કરવો.
  - અવાજ, સ્વર, પ્રયોજન, નેત્ર મિલન, અંગ વિન્યાસ ચેષ્ટાઓ સાચી રીતે ઉપયોગ કરવો અને તેને યોગ્ય પ્રતિભાવ આપવો.
  - અર્થને વિકૃત કર્યું સિવાય સામાન્ય શબ્દોનો ઉચ્ચાર કરવો.
  - નોંધ, તપાસયાદી, સારાંશ તૈયાર કરીને અને / અથવા મુખ્ય વિચારો ફરી કહીને અને સમજાવીને મૌખિક પાઠયપુસ્તકોના અર્થગ્રહણનું નિદર્શન કરવું.
  - ધ્યાનપૂર્વક સાંભળવું અને સ્પષ્ટતા માટે પરિચિત પ્રશ્નોના ઉત્તર આપવા.
- મૌખિક પરિસ્થિતિમાં ભાષાના ઉપયોગની ચોકકસ જાગૃત્તિનું નિદર્શન કરી શકાય :
  - હેતુ, શ્રોતા અને સંદર્ભને માફક આવે તેવાં યોગ્ય પધ્ધતિ અને રજિસ્ટરનો ઉપયોગ કરવો.
  - હકીકત અને અભિપ્રાય વચ્ચેનો તફાવત કહેવાનું શરૂ કરવુ.
  - ભાષાના ઉપયોગ પર ટિપ્પણી કરી પુરાવા સાથે પ્રેરણા આપવી.
  - ભાષા અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ માન્ય રાખવો.
  - જાહેરખબર અને પ્રચારમાં હોય છે તેવી દેખીતી રીતે સંવેદનશીલ અને ચાલકીભરી ભાષા ઓળખવી અને પડકારશ્રી.

## ધોરણ – ૧ ૨

### મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર**

- મૌખિક વાક્દટાવાળી રજૂઆત સાંભળવા અને કરવાના કૌશલનું નિદર્શન કરી શકાય.
  - અલંકારિક પ્રશ્નો, વિરામ અને પુનરાવર્તન જેવી પરિચિત અલંકારિક પ્રયુકિત વડે ઉપયોગ કરવો.
  - સ્વર, અવાજ, પ્રયોજન, વેગ, નેત્ર મિલન, અંગ વિન્યાસ, ચેષ્ટાનો સાચી રીતે ઉપયોગ કરવો અને તેને યોગય પ્રતિભાવ આપવો.
  - અર્થને વિકૃત કર્યા સિવાય શબ્દોનો ઉચ્ચાર કરવો.
  - નોંધ, તપાસયાદી અને સારાંશ તૈયાર કરીને અને / અથવા મુખ્ય અને સમર્થક વિચારો ફરી કહીને અથવા સમજાવીને મૌખિક પાઠયપુસ્તકોના અર્થગ્રહણનું નિદર્શન કરવું.
  - ધ્યાનપૂર્વક સાંભળવું અને સ્પષ્ટતા માટે પરિચિત પ્રશ્નોના ઉત્તર આપવા.
- મૌખિક પરિસ્થિતિમાં ભાષાના ઉપયોગીની પૂરતી જાગૃતિનું નિદર્શન કરી શકે.
  - હેતુ, શ્રોતા અને સંદર્ભને માફક આવે તેનાં યોગ્ય પધ્ધતિ અન્ડે રજિસ્ટરનો ઉપયોગ કરવો.
  - હકીકત અને અભિપ્રાય વચ્ચે ભેદ પાડવો.
  - ભાષાના ઉપયોગ પર ટિપ્પણી કરી પુરાવા સાથે પ્રેરણા આપવી.
  - ભાષા અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ માન્ય રાખવો.
  - જાહેરખબર અને પ્રચારમાં હોય છે તેવી દેખીતી રીતે સંવેદનશીલ અને ચાલાકીભરી ભાષા ઓળખવી અને પડકારવી.

# ધોરણ –૧૦

## શીખવાનું પરિણામ– ૨

### વાંચવું અને જોવું.

શીખનાર સમજવા માટે વાંચી અને જોઈ શકે છે અને બારીકીથી મૂલ્યાંકન કરી પાઠયપુસ્તકની વિશાળ શ્રેણીમાં પ્રતિભાવ આપી શકે છે.

## મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર,**

- અર્થગ્રહણ અને મૂલ્યાંકન ૮બ૭૭ચ્ચ'બ્બ્ત્ચ્ઘ૯ માટેના જુદા જુદા વાંચવા અને જોવાના વ્યુહનું નિદર્શન કરી શકે :
  - દેખીતાં અનુમાન કરવાં અને સાદા પ્રશ્નો પૂછવા.
  - શીર્ષક, પ્રસ્તાવના, પ્રથમ ફકરા અને ફકરાના પ્રાસ્તાવિક વાકયો વાંચીને માહિતી માટે પરિચિત પાઠયપુસ્તકો ઉપરછલ્લાં વાંચી જવાં.
  - વિશિષ્ટ માહિતી માટે પરિચિત પાઠયપુસ્તકોની સાંકડી શ્રેણી ઝીણવટથી જોવી.
  - હેતુ અને કામ મુજબ ઝડપથી વાંચવું.
  - સમજાવી દીધેલા પાઠયપુસ્તકના મુખ્ય વિચારોના મુદ્દાના રૂપમાં સારાંશ લખવો.
  - વ્યાકરણ, પૂર્વા પર ચાવી, ધ્વનિ, રંગનો ઉપયોગ કરીને અને સમજ પ્રયોજીને ખુબ પરિચિત સંદર્ભમાં અપરિચિત શબ્દો અને/અથવા પ્રતિકૃતિનો અર્થ કાઢવો.
  - સમજ વિકસાવવા ફરી વાંચવુ, પુનઃ વિલોચન કરવુ અને સુધારવું.

- લિખિત, દશ્ય અને દશ્ય–શ્રાવ્ય પાઠયપુસ્તકોની શ્રેણીમાં અર્થ સમજાવી શકે :
  - પરિચિત પાઠયપુસ્તકોમાંથી માહિતી અને વિગત શોધી કાઢવી.
  - લેખક,રજૂઆત કરનાર૮દબચચબતફચ૯ પાત્રના દષ્ટિબિંદુ પિછાણવાં.
  - તુલના, ટોભતબ.જફચ), પ્રતીક, ઉપમા અને ભિજાતા વગેરે જેવી અલંકારિક પ્રયુકિત શોધી કાઢવી અને તે અર્થને કઈ રીતે અસર કરે છે તે જોવું.
  - લેખકનાં તારણો શોધી તમારા પોતાના તારણો સાથે સરખાવવાં.

  - પરિચિત ગ્રાફિક પાઠયપુસ્તકની પસંદગીની શ્રેણીનું અર્થઘટન કરવું.
  - પરિચિત પાઠયપુસ્તક અંગે અગંત પ્રતિભાવ આપવાનું શરૂ કરવું.

## ધોરણ–૧૧

### મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર,**

- અર્થગ્રહણ (comprehension) અને મૂલ્યાંકન માટે વાંચવાના અને જોવાંના જુદા જુદા વ્યૂહનું નિર્દન કરી શકે :
  - અનુમાન કરવા પ્રશ્નો પૂછવા.
  - શીર્ષક, પ્રસ્તાવના, પ્રથમ ફકરા અને ફકરાઓનાં પ્રાસ્તાવિક વાકયો વાંચીને માહિતી માટે પરિચિન પાઠયપુસ્તકો ઉપરછલ્લાં વાંચી જવાં.
  - વિશિષ્ટ માહિતી માટે જુદાં જુદાં પરિચિત પાઠયપુસ્તકો ઝીણવટથી જોવાં.
  - હેતુ અને કામ મુજબ ઝડપથી વાંચવા.
  - પરિચિત પાઠયપુસ્તકોના મુખ્ય વિચારોનો મુદ્દાના રૂપમાં સારાંશ આપવો.
  - વ્યાકરણ, પૂર્વાપર ચાવી, ધ્વનિ, રંગ, આલેખનના જ્ઞાનનો ઉપયોગ કરીને અને સમજનો પ્રયોજીને અપરિચિત શબ્દો અને / અથવા પ્રતિકૃતિનો પરિચિત સંદર્ભમાં અર્થ કાઢવો.
  - સમજ વિકસાવવા ફરી વાંચવું, પુનવિલોકન કરવું અને સુધારવું.

- લેખિત, દશ્ય અન. દશ્ય–શ્રાવ્ય પાઠયપુસ્તકોની શ્રેણીના અર્થ સમજાવી શકે.
  - પાઠયપુસ્તકોમાંથી માહિતી અને વિગતો મેળવવી.
  - લેખક / રજુઆત કરનાર / પાત્રનાં દષ્ટિબિંદુ સમજાવવા અને પાઠયપુસ્તકમાંથી તેના કેટલાક સમર્થક પુરાવા આપવા.
  - તુલના (?ભ્ત્બ્ઉ઼ઃ૨) પ્રતીક, ઉપમા અને ભિન્નતા અલંકારિક, પ્રયુકિત શોધથી અને તે અર્થને કેવી રીતે અસર કરે છે તે જોવું.
  - લેખકનાં તારણો સમજાવવા અને તેને તમારા પોતાના તારણો સાથે સરખાવવા.
  - જુદાં જુદાં પરિચિત ગ્રાફિક પાઠયપુસ્તકોનું અર્થઘટન કરવું.
  - પાઠયપુસ્તકના વ્યકિતગત ઉત્તર આપવા.

## ધોરણ–૧૨

### મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર.**

- અર્થગૃહણ અને મૂલ્યાંકન માટે વાંચવા અને જોવાના જુદા જુદા વ્યૂહનું નિર્દર્શન કરી શકે :
  - અનુમાન કરવા પ્રશ્નો પૂછવાં.
  - શીર્ષક, પ્રસ્તાવના, પ્રથમ ફકરા અને ફકરાઓનાં પ્રાસ્તાવિક વાકયો વાંચીને માહિતી માટે પાઠયપુસ્તકો ઉપરછલ્લાં વાંચી જવાં.
  - વિશિષ્ટ માહિતી માટે પાઠયપુસતકોની શ્રેણી ઝીણવટથી જોવી.
  - હેતુ અને કામ મુજબ ઝડપથી વાંચવું.
  - મુખ્ય વિચારોનો, મુદ્દા, વાકયો અને ફકરાઓમાં સારાંશ આપવો.
  - વ્યાકરણ, પૂર્વા પર ચાવી, ધ્વનિ, રંગ, આલેખન જ્ઞાનનો ઉપયોગ કરીને અને સમજ પ્રયોજીને અપરિચિત શબ્દો અને / અથવા પ્રતિકૃતિઓનો પરિચિત સંદર્ભમાં અર્થ કાઢવો.
  - સમજ વિકસાવવા ફરી વાંચવું, પુનર્વિલોકન કરવું અને સુધારવું.

- લિખિત, દશ્ય અને દશ્ય–શ્રાવ્ય પાઠયપુસ્તકોની શ્રેણીના અર્થ સમજાવી શકે.
  - પાઠયપુસ્તકોમાં માહિતી અને વિગત મેળવવી.
  - લેખક / રજૂઆત કરનાર / પાત્રનું દષ્ટિબિંદુ સમજાવવું અને પાઠયપુસ્તકમાંથી તેના સમર્થક પુરાવા આપવા.
  - તુલના( ?ભ્ત્બ્ઉ઼ઃ૨) પ્રતીક, ઉપમા અને ભિન્નતા જેવી અલંકારિક પ્રયુકિત સમજાવવી અને તે અર્થને તેવી રીતે અસર કરે છે તે જોવું.
  - લેખકનાં તારણો સમજાવી તેને તમારાં પોતાના તારણો સાથે સરખાવવાં.
  - પરિચિત ગ્રાફિક પાઠયપુસ્તકોની શ્રેણીનું અર્થઘટન કરવું.
  - પાઠયપુસ્તકોના વ્યકિતગત ઉત્તર આપવા અને તે માટે પ્રેરણા આપવી.

# ધોરણ –૧૦

## શીખવાનું પરિણામ– ૨

### વાંચવું અને જોવું.

શીખનાર સમજવા માટે વાંચી અને જોઈ શકે છે અને બારીકીથી મૂલ્યાંકન કરી પાઠયપુસ્તકની વિશાળ શ્રેણીમાં પ્રતિભાવ આપી શકે છે.

## મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર**

- પાઠયપુસ્તકોમાં મૂલ્યો અને વલણોમાં ભાષા અને પ્રતિકૃતિઓ કેવી રીતે અસર કરે છે અને ઘાટ આપે છે તે પિછાણી શકાય :
  - પાઠયપુસ્તકોમાં સામાજિક–સાંસ્કૃતિક–રાજકીય મૂલ્યો, તથા જાતિ, શકિતના સંબંધો, માનવહક અને પર્યાવરણના પ્રશ્નો અંગેના વલણ જેવાં વલણો અને માન્યતાઓને જાણવી.
  - પરિચિત પાઠયપુસ્તકોમાં વિચાર અને વિષયવસ્તુને ઓળખવા.

- પાઠયપુસ્તકના મુખ્ય લક્ષણો શોધી તે અર્થમાં કેવી રીતે ફાળો આપે છે સમજાવી શકે. (આ લક્ષણો કદી એકલાં જોવા નહિ) :

  * વ્યવસ્થાવિષયક ૮ત્ચ્બ્ઘ(બ'ત્ઃઘ૯ રચનાત્મક પાઠયપુસ્તકો :
    - પુનઃકથન ખુલાસા ૮ભ્શ્ઉઃ(ય્ત્ઃઘ૯, વર્ણન અને સ્પષ્ટીકરણ જેવાં પરિચિત પાઠયપુસ્તકોમાં હેતુ, રચના અને ભાષાના ઉપયોગ મુકરર કરી સમજાવવા.

  * સાહિત્યિક પાઠયપુસ્તકો
    - વાર્તાવસ્તુ, પેટા–વાર્તાવસ્તુ અને પાત્રનો વિકાસ શોધવો.
    - સંદેશા અને વિષયવસ્તુ ચકાસવાં.
    - પૂર્વભૂમિકા અને ગોઠવણી ચકાસો.
    - સાદી કવિતા / ગીતોમાં શબ્દની પસંદગી, કલ્પના અને ધ્વનિ યુકિતઓ ચકાસવી.
    - પ્રાસ, લય અને વિરામચિહ્નો અર્થને અસર પહોંચાડે છે તે જાણવું.
    - સંવાદ અને કામગીરીનો ઉપયોગ ચકાસવો.

## ધોરણ–૧૧

### મૂલ્યાંકન ધોરણ

**આપણે આ જાણીએ છીએ, જયારે શીખનાર**

- અસરકારકતાથી અને આત્મવિશ્વાસથી અર્થઘટન, પૃથ્થકરણ અને સમજણઃ વિશેષ માહિતીની વાંચન કે અવલોકન વેળાએ ચોકકસ ઓળખઃ પોતાના અભિપ્રાયોની આંતરસૂઝ અને સ્પષ્ટ નિરૂપણ.

- મોટેથી અસ્ખલિત અપવાદરૂપ વાંચન– અન્ય ભિન્ન વિચારો તરફ અને સાંસ્કૃતિક બાબતો તરફ સંવેદનશીલતા.

- ચોકકસ, સંયોગી અને સંવાદી લખાણવાળી રજૂઆતઃ વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ સંદર્ભો અને રચનાઓ તરફ લક્ષ આપવું. અલગ અલગ વિચારો અંગે સમાધાનકારી આ મૂળરૂપમાં મંતવ્યોની બાંધણી કરવી. લખાણમાં સ્વતંત્રપણે સુધારણા અને સંકલન ધ્વારા રજૂઆત.

- ભાષાના સંમેલનોનો તથા અન્ય માળખાંઓનો સમજણ પૂર્વકનો આત્મવિશ્વાસપૂર્ણ અને વધતી નિપૂણતા સાથેનો ઉપયોગ, શબ્દ અને શબ્દનાં સ્વરૂપની અસરકારક ઓળખઃ અર્થ અને કાર્યોની જાણઃ વ્યાકરણ અને શબ્દ ભંડોળ ધ્વારા વાકયોનું ગઠન અને તેનો ઉપયોગઃ કરી શકે.

## ધોરણ 11

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

યોગ્યતા વર્ણન
ધોરણ–૧૧ની સમાપ્તિ બાદ ઉત્કૃષ્ટ ઉપલબ્ધિવાળા વિદ્યાર્થી આવા હોયઃ

- આત્મવિશ્વાસથી સંવાદી અને સંયોગી વાણી વડે પોતે રજૂ કરી શકે. સંવેદનશીલતા અને સન્માન ધરાવતી ભાષાનો ઉપયોગ કરે અને જાગરૂકતા દાખવે. વિવિધ હેતુ માટેની માહિતીને સમજવા પૃથ્થકરણ કરવા, અર્થઘટન કરવા અને તેને ઓળખવા માટે ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળે. વાર્તાલાપની સ્થિતિમાં ભાષાનો અસ્ખલિત ઉપયોગ કરી શકે.
- આલેખનનુ આત્મવિશ્વાસથી અર્થઘટન કરે, પૃથ્થકરણ કરે અને સમજાવે. વાંચન અને વિચાર વખતે વિશિષ્ઠ માહિતીને ચીવટપૂર્વક ઓળખે. ઉંડી સમજ ધ્વારા પોતાના સ્પષ્ટ અભિપ્રાયો વ્યાજબીપણે આપી શકે. અસાધારણ અસ્ખિલિતતાથી મોટેથી વાંચન કરે. વિચારો અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલતા દાખવે.
- સંવાદી અને સંયોગી અદલ આલેખન ધ્વારા પોતાને વ્યકત કરી શકે. વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ તરફ પૂરતું ધ્યાન આપે. મૌલિકપણે સમાધાનકારી અને ટકાઉ અભિપ્રાય અને વિચારોની બાંધણી કરી શકે. સુધારિત આલેખનના સર્જન માટે સ્વતંત્રપણે લખી અને સંકલન કે પુનઃરચના કરે.
- ભાષાના સંમેલનઅને માળખાનો આત્મવિશ્વાસ અને ચીવટથી સમજીને ઉપયોગ કરે. શબ્દ અને તેના સ્વરૂપોના અર્થ અને કાર્યોને, પૃથ્થકરણ, અર્થઘટન કે અસરકારક ઓળખ ધ્વારા સમજાવે. ભાવ હેતુઓ માટે વાકયની બાંધણીનો ઉપયોગ કરે. વ્યાકરણ અને શબ્દ ભંડોળ પર પર્યાપ્ત કાબુ દર્શાવે.

## ધોરણ 12

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૨ની સમાપ્તિ બાદ ઉત્કૃષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોયઃ

- આત્મવિશ્વાસપૂર્વકની સંવાદી અને સંયોગી વાતચીત અને રજૂઆત. ભાષાના પ્રયોગની સન્માનીય અને સંવેદનશીલ જાગરૂકતા. વિવિધ હેતુ માટેની માહિતી સમજવા, પૃથ્થકરણ કરવા, અર્થઘટન કરવા અને તેને ઓળખવા માટે ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળે. વાર્તાલાપના લાંબા ફલક પર ભાષાનો અસ્ખલિત ઉપયોગ કરી શકે.
- આલેખનનુ અસરકારક અને આત્મવિશ્વાસપૂર્ણ અર્થઘટન, વિશ્લેષણ અને સમજ, વાંચન અને વિચાર વખતે વિશિષ્ટ માહિતીને ચીવટપૂર્વક ઓળખે. ઉંડી સમજ ધ્વારા પોતાના સ્પષ્ટ અભિપ્રાયો વ્યાજબીપણે આપી શકે. અસાધારણ અસ્ખિલિતતાથી મોટેથી વાંચન કરે. વિચારો અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલતા દાખવે.
- સંવાદી અને સંયોગી એવા ચીવટપૂર્ણ આલેખન ધ્વારા વ્યકત કરાય. વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ તરફ અસરકારક ધ્યાન આપે. મૌલિકપણે સમાધાનકારી અને ટકાઉ અભિપ્રાય તથા વિચારોની બાંધણી કરી શકે તથા સુધારિત સર્જન સ્વતંત્રપણેના આલેખનનું આયોજન કરે.
- ભાષાના સંમેલન અને માળખાનો ચીવટપૂર્વક અને આત્મવિશ્વાસથી સમજીને ઉપયોગ કરે. શબ્દ અને તેના સ્વરૂપોનો અર્થ અને કાર્યોને, પૃથ્થકરણ, અર્થઘટન કે અસરકારક ઓળખ ધ્વારા સમજાવે. વાકયોની બાંધણીના વિશાળ ફલકનો ઉપયોગ કરે. વ્યાકરણ અને શબ્દ ભંડોળ પર પર્યાપ્ત કાબુ મેળવે.

# ધોરણ 10

| C સંજ્ઞાક્રમ | S સ્કેલ | Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન |
|---|---|---|
| ૫ | ૬૦ થી ૭૯% પ્રશંસાપાત્ર | ધોરણ–૧૦ ની પૂર્ણતાએ પ્રશંસાપાત્ર સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી નીચે બાબતો કરી શકે. |

- સંયોગી અને સંવાદી ભાષા ધ્વારા પોતાને આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરી શકે. ભાષા પ્રત્યે સંવેદનશીલતા અને સન્માનપૂર્વકની સભાનતા અને ઉપયોગ. માહિતીને ઓળખવામાં ધ્યાનપૂર્વકનું શ્રવણ, અલગ પ્રકારના ઉપયોગ માટે સજજ પણ અર્થઘટન, પૃથ્થકરણ અને સમજણ અંગે થોડો હીચકાર, પરિચિત સંચાર સ્થિતિમાં ભાષાનો ઘણું કરીને અસ્ખલિત ઉપયોગ.

- વાંચન અને અવલોકન વખતે માહિતીની વિશ્વાસપૂર્વકની ઓળખ, પણ અર્થઘટન, પૃથ્થકરણ તેમજ સમજણ માટે થોડો ખચકાટ, અંતર્ભાવ સારા, સ્વઅભિપ્રાયો જે વાજબી ઠેરવવા, મોટી અને અસ્ખલિત વાંચન અન્ય વિચારો કે અલગ સાંસ્કૃતિક પ્રશ્નો તરફ સંવદનશીલ અભિગમ.

- સંવાદી અને સંયોગી લખાણથી રજૂઆત કરી શકે પણ ભૂલો કરે, અલગ શ્રોતાઓ, હેતુઓ સંદર્ભો કે રચનાઓ તરફ ધ્યાન દઈ શકે. કંઈક મૌલિકતા સાથેના વિચારો અને અભિપ્રાયોની બાંધણી કરી શકે. સુધારીન પોતવાળુ લખાણ સંકલિત કરી શકે.

- ચોકકસતા અને આત્મવિશ્વાસ સાથે ભાષાકિય સંમેલન કે અન્ય માળખાનો ઉપયોગ અને સમજણ વધારી શકે. શબ્દ અને શબ્દના સ્વરૂપો તેમજ અર્થ અને કાર્યોને ઓળખી, અર્થઘટન કરી, અને સમજીને વાકયોને વિવિધ સંદર્ભમાં વાપરી શકે થોડી ભૂલો કરે, વ્યાકરણ અને શબ્દ ભંડોળ પરનું પ્રભુત્વ સારૂં.

## ધોરણ 11

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૧ ની સમાપ્તિ બાદ પ્રશંસાપાત્ર સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- સંવેદનશીલતા અને સન્માન ધરાવતી ભાષાના ઉપયોગ પરત્વે જાગરૂકતા બતાવે. વિવિધ હેતુઓ માટેની માહિતીને સમજવા, પૃથ્થકરણ કરવા, અર્થઘટન કરવા અને તેને ઓળખવા માટે ધ્યાનપૂર્વક સાંભળે પણ કોઈવાર જયારે પૃથ્થકરણ કે સમજાવવાનું આવે ત્યારે ખચકાટ અનુભવે. વિભિન્ન વાર્તાલાપની સ્થિતિમાં ભાષાનો અસ્ખલિત ઉપયોગ કરી શકે.

- વાંચન અને વિચાર વખતે આલેખનનું આત્મવિશ્વાસથી અર્થઘટન અને ઓળખ કરે પણ સમજાવતી વખતે તથા પૃથ્થકરણ વેળાએ ખચકાટ અનુભવે. ઉંડી સમજ ધ્વારા પોતાના સ્પષ્ટ વિચારો વ્યાજબીપણે આપી શકે. ખાસ કરીને મોટેથી અસ્ખલિતપણે વાંચન કરે. વિચારો અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલતા દાખવે.

- ઘણું ખરુ તે સંવાદી અને સંયોગી આલેખન ધ્વારા પોતાને વ્યકત કરી શકે પણ થોડીક ભૂલો કરે. વળી, વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ પ્રત્યે પૂરતું ધ્યાન આપે. કેટલીક મૌલિકતા સાથે સમાધાન કાઢી અને ટકાઉ અભિપ્રાય અને વિચારોને બાંધણી કરી શકાય. સુધારીત આલેખનના સર્જન માટે સ્વતંત્રપણે લખાણનું સંકલન કે પુનઃરચના કરી શકે.

- ભાષાના સંમેલન અને માળખાનો ઘણું કરીને આત્મવિશ્વાસ અને ચીવટથી ઉપયોગ કરે. શબ્દ અને તેના સ્વરૂપોના અર્થ અને કાર્યોને અર્થઘટન અને ઓળખ ધ્વારા સમજાવે. ભાવ હેતુઓ માટે વાકયની વિભિન્ન બાંધણીનો ઉપયોગ કરે પણ કેટલીક ભૂલો કરે. વ્યાકરણ અને શબ્દ ભંડોળ પર સારો કાબુ દર્શાવે.

## ધોરણ 12

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૨ ની સમાપ્તિ બાદ પ્રશંસાપાત્ર સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- ઘણું કરીને આત્મવિશ્વાસ સાથેની સંવાદી અને સંયોગી વાણી સાથે રજૂઆત કરી શકે. સંવેદનશીલતા અને સન્માન ધરાવતી ભાષાના ઉપયોગ પરત્વે ઘણી જ જાગરૂકતા દર્શાવે. વિવિધ હેતુઓ માટેની માહિતીને સમજવા, વિશ્લેષણ કરવા, અર્થઘટન કરવા અને તેને ઓળખવા માટે ધ્યાનપૂર્વક સાંભળે પણ જયારે વિશ્લેષણ કે સમજણ આપવાની આવે ત્યારે કોઈકવાર ખચકાટ અનુભવે. વાર્તાલાપની સ્થિતિના ફલક પર ભાષાનો અસ્ખલિત ઉપયોગ કરી શકે.

- ઘણુ કરીને વાંચન અને વિચાર વખતે આત્મવિશ્વાસપૂર્વક અર્થઘટન અને ઓળખ કરે પણ વિશ્લેષણ કે સમજણ સમયે ખચકાટ અનુભવે. ઉંડી સમજ ધ્વારા પોતાના સ્પષ્ટ વિચારો વાજબીપણે આપી શકે. ખાસ કરીને મોટેથી અને અસ્ખલિતપણે વાંચન કરે. ભિન્ન વિચારો અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલતા દાખવે.

- ઘણું ખરુ તે સંવાદી અને સંયોગી આલેખન રજૂ કરી શકે વળી, વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ પરત્વે ધ્યાન આપે છે. કેટલીક મૌલિકતા સાથે સમાધાનકારી અને ટકાઉ અભિપ્રાય અને વિચારોને બાંધણી કરી શકાય. સુધારીત આલેખનના સર્જન માટે સ્વતંત્રપણે લખાણનું સંકલન કે પુનઃરચના કરી શકે.

- ભાષાના સંમેલન અને માળખાનો ખાસ કરીને આત્મવિશ્વાસ અને ચીવટથી ઉપયોગ કરે. શબ્દ, તેનું સ્વરૂપ, અર્થ અને તેના કાર્યોને અર્થઘટન અને ઓળખ ધ્વારા સમજાવે. ભાવ હેતુઓ માટે વાકયની વિભિન્ન બાંધણીનો ઉપયોગ કરે પણ કેટલીક ભૂલો કરે. વ્યાકરણ અને શબ્દ ભંડોળ પર સારો કાબુ ધરાવે.

## ધોરણ 10

| C સંજ્ઞાક્રમ | S સ્કેલ | Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન |
|---|---|---|
| ૪ | ૫૦% થી ૫૯%<br>સંતોષજનક | ધોરણ–૧૦ ની પૂર્ણતાએ સંતોષકારક ઉપલબ્ધિવાળો વિદ્યાર્થી નીચેની બાબતો કરી શકે. |

- સમયસરનું ઉત્તેજન અને યાદ કરી આપવાથી પોતાને સંવાદી અને સંયોગી વાતચીત ધ્વારા રજૂ કરી શકે છે. ભાષા પ્રત્યે સંવેદનશીલતા અને સન્માન રાખી તેનો સભાનતાપૂર્ણ ઉપયોગ કરી શકે. માહિતીની ઓળખ માટે ધ્યાનપૂર્વક સાંભળીને જયારે તેનું અર્થઘટન પૃથ્થકરણ કે સમજણ બાબતે તેને મદદની જરૂર પડે છે. ભાષાના પરિચિત સંચાર પરિસ્થિતિમાં અસ્ખલિતપણે ઉપયોગ કરી શકે છે.

- માહિતીની ઓળખાણ અને અર્થઘટન યોગ્ય અને વિશ્વાસપૂર્ણ રીતે કરી શકે. વાંચન અને અવલોકનમાં કોઈ મુશ્કેલી નહી પણ આલેખનની સમજણ કે પૃથ્થકરણ વખતે તકલીફ અનુભવાય. યોગ્ય આંતર્ભાવ દર્શાવી શકે તેમજ પોતાના અભિપ્રાયો આપી શકે અને યોગ્ય ઠેરવી પણ શકે. અસ્ખલિતપણે મોટેથી વાંચી શકે, અલગ વિચારો અને સામાજિક બાબતો પ્રત્યે વાજબી સંવેદનશીલતા દર્શાવી શકે.

- આલેખનની વાજબી રજૂઆત કરે પણ કોઈવાર સંવાદી કે સંયોગી કે ચીવટવાળા લખાણમાં ઉણપ દેખાય. થોડી મદદના આધારથી વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ તરફ લક્ષ આપી શકે. યોગ્ય પરિપેક્ષમાં વિચારો અને અભિપ્રાયોનો વિકાસ સાધી શકે જેમાં તેને સતત સહાયની જરૂર પડે તેવી બાબતો છે, આલેખન અને સંકલનમાં યોગ્ય સુધારો.

- ભાષાકિય સંમેલનો અને માળખાઓના યોગ્ય અને ચીવટપૂર્ણ ઉપયોગ. જેના અર્થઘટન, ઓળખ અને સમજણ બાબતે સહાયની જરૂર પડે. શબ્દના અર્થ, કાર્ય અને તેના વિવિધ સ્વરૂપોનો વાકયોના ગઠનમાં યોગ્ય ઉપયોગ કરવા જતાં કેટલીક ભૂલો વારંવાર કરે છતાં વ્યાકરણ અને શબ્દભંડોળ પર યોગ્ય કાબુ રાખી શકે.

## ધોરણ 11

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૧ ની સમાપ્તિ બાદ સંતોષકારક સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- સમયાનુસાર પ્રોત્સાહન અને સતત સહાય ધ્વારા તે સંવાદી અને સંયોગીપણે વાજબી અને વિશ્વાસપૂર્વક રજૂઆત કરી શકે. સંવેદનશીલતા અને સન્માન ધરાવતી ભાષાના ઉપયોગ પરત્વે જાગરૂકતા બતાવે ઘણું કરીને માહિતીની ઓળખ માટે ધ્યાનપૂર્વક સાંભળે પણ અર્થઘટન, પૃથ્થકરણ કે સમજણ માટે મદદની જરૂર પડે. વાર્તાલાપની સ્થિતિમાં ભાષાનો વાજબી અસ્ખલિત ઉપયોગ કરી શકે.

- વાંચતી અને વિચારતી વેળાએ માહિતીનું વિશ્વાસપૂર્વક અર્થઘટન અને ઓળખ કરી શકે પણ પૃથ્થકરણ કે સમજણ વખતે મદદની જરૂર પડે. વાજબી ઉંડી સમજ ધ્વારા પોતાના સ્પષ્ટ વિચારો–અભિપ્રાયો આપી શકે. મોટેથી ઠીકઠીક અસ્ખલિતપણે વાંચન કરી શકે. ભિન્ન વિચારો અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલતા રાખે.

- આલેખનની વાજબી રજૂઆત કરી શકે પણ તેમાં સંવાદ, સંયોગ કે ચીવટની ઉણપ જણાય. યોગ્ય મદદ વડે તેવિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ પરત્વે ધ્યાન આપી શકે. યોગ્ય લક્ષ્યાંક અને ગતિશીલ પધ્ધતિઓ સાથેના વિચારો અને અભિપ્રાયની બાંધણી કરી શકે. સહાય ધ્વારા લખાણનું સંકલન કે પુનઃરચના કરી શકે.

- ભાષા સંમેલન અને માળખાની વાજબી અને ચીવટપૂર્વકની સમજણ અને ઉપયોગ કરી શકે. યોગ્ય મદદ ધ્વારા શબ્દ અને તેના સ્વરૂપોના અર્થ અને કાર્યોને અર્થઘટન અને ઓળખ ધ્વારા સમજાવે. વાકયની બાંધણીનો ભિન્ન ઉપયોગ કરે પણ ઘણીવાર ભૂલો કરે. વ્યાકરણ અને શબ્દભંડોળ પર વાજબી કાબુ ધરાવે.

## ધોરણ 12

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૨ ની સમાપ્તિ બાદ સંતોષકારક સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- સમયાનુસાર પ્રોત્સાહન અને સતત સહાય ધ્વારા તે સંવાદી અને સંયોગીપણે વાજબી અને વિશ્વાસપૂર્ણ રજૂઆત કરી શકે. સંવેદનશીલતા અને સન્માન ધરાવતી ભાષાના ઉપયોગ પરત્વે જાગરૂકતા બતાવે ઘણું કરીને માહિતીની ઓળખ માટે ધ્યાનપૂર્વક સાંભળે પણ અર્થઘટન કે વિશ્લેષણ માટે મદદની જરૂર પડે. વાર્તાલાપના ફલક પર ભાષાનો વાજબી અને અસ્ખલિત ઉપયોગ કરે.

- વાંચતી અને વિચારતી વખતે માહિતીનું વિશ્વાસપૂર્વક અર્થઘટન અને ઓળખ કરી શકે પણ વિશ્લેષણ કે સમજણ સમયે મદદની જરૂર પડે. વાજબી અને ઉંડી સમજ ધ્વારા પોતાના સ્પષ્ટ વિચારો–અભિપ્રાયો આપી શકે. મોટેથી અને ઠીકઠીક અસ્ખલિતપણે વાંચન કરી શકે. ભિન્ન વિચારો અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલતા દાખવે.

- આલેખનની વાજબી રજૂઆત કરી શકે પણ તેમાં સંવાદ, સંયોગ કે ચીવટની ઉણપ જણાય. યોગ્ય મદદ વડે વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ પરત્વે ધ્યાન આપી શકે. યોગ્ય લક્ષ્યાંક અને ગતિશીલ પધ્ધતિ સાથેના વિચારો અને અભિપ્રાયોની બાંધણી કરી શકે. સહાય ધ્વારા લખાણનું સંકલન કે પુનઃરચના કરી શકે.

- ભાષા સંમેલન અને માળખાના ચીવટપૂર્વક અને વાજબી સમજણ અને ઉપયોગ કરાય. યોગ્ય મદદ ધ્વારા શબ્દ અને તેના સ્વરૂપોના અર્થ અને કાર્યોને અર્થઘટન અને ઓળખ ધ્વારા સમજાવે. વાકયની બાંધણીનો ભિન્ન ઉપયોગ કરે પણ ઘણીવાર ભૂલો કરે. વ્યાકરણ અને શબ્દભંડોળ પર વાજબી કાબુ ધરાવે.

# ધોરણ 10

| C સંજ્ઞાક્રમ | S સ્કેલ | Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન |
|---|---|---|
| ૩ | ૪૦ થી ૪૯%<br>પર્યાપ્ત | ધોરણ–૧૦ની સમાપ્તિ બાદ પર્યાપ્ત ઉપલબ્ધિવાળો વિદ્યાર્થી આ બાબતો કરી શકે. |

■ સંયોગી, સંવાદી અને પૂર્ણ આત્મવિશ્વાસવાળા વાર્તાલાપી પોતાની જાતને રજૂ કરી શકે છે પણ તેને સતત સૂચનોની જરૂર પડે છે. સંવેદનશીલતા અને સન્માન પૂર્ણ ઉપયોગ ધ્વારા ભાષા પ્રત્યે યોગ્ય સભાનતા ધરાવે છે. સતત માર્ગદર્શન હોય તો તે માહિતીનુ અર્થઘટન, પૃથ્થકરણ અને સમજણ અંગેનું કાર્ય કરી શકે છે. ભાષાનો તે પૂર્ણ અને અસ્ખલિતપણે, માહિતગાર સંચાર અવસ્થા હોય ત્યારે ઉપયોગ કરી શકે છે.

■ વાંચી અને વિચારી શકે પણ જયારે અર્થઘટન, પૃથ્થકરણ કે આલેખનને સ્વતંત્રપણે સમજાવવાનું હોય ત્યારે ઘણીવાર મુશ્કેલી અનુભવે છે. પૂરતી ઉંડી સમજ ધરાવે છે પણ પોતાના અભિપ્રાયોને ચાલના આપવાની હોય ત્યારે ખચકાટ અનુભવે છે. જરૂરી અસ્ખલિતતા સાથે મોટેથી વાંચી શકે છે. વિભિન્ન વિચારો કે સાંસ્કૃતિક બાબતો અંગે યોગ્ય સંવેદનશીલતા દર્શાવે છે.

■ આલેખનમાં ઘણીવાર સંવાદ સુયોગ કે સચોટતાનો અભાવ વર્તાય છે. છતાં લખાણની રજૂઆત સારી હોય છે. યોગ્ય મદદ મળે તો ભિન્નતા, શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો અને રચનાઓ તરફ લક્ષ આપી શકે છે. સતત મળી રહેતા સહયોગથી તે વિચારો અને અભિપ્રાયો વિકસાવી શકે છે. જે યોગ્ય દિશા તરફના હોય છે. સતત માર્ગદર્શન હેઠળ ક્ષતિઓમાં સુધારણા અને અર્થને અવરોધતી ગંભીર બાબતો પર કાબુ મેળવે છે.

■ પૂર્ણ સમજ સાથે ભાષા સંમેલન કે માળખાનો ઉપયોગ કરે છે પણ ઘણી જ બેકાળજી ભરી ભૂલો કરે છે. સતત સહાય મળે તો શબ્દ અને શબ્દના સ્વરૂપના અર્થ તથા કાર્યો અંગેનું અર્થઘટન, ઓળખાણ અને સમજણ આપી શકે છે. વાકયોના વિભિન્ન માળખાનું સહેતુક ઉપયોગ કરે પણ ઘણી ગંભીર ભૂલો કરે. વ્યાકરણ અને શબ્દ ભંડોળ પર સારો કાબુ ધરાવે.

# ધોરણ 11

## Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૧ની સમાપ્તિ બાદ પર્યાપ્ત સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- સંવાદી અને સંયોગી હોવા ઉપરાંત પૂરતા વિશ્વાસ વડે વ્યકત કરી શકે પણ સહાયની જરૂર સતત રહે. સંવેદનશીલતા અને સન્માન ધરાવતી ભાષાના ઉપયોગ પરત્વે પૂરતી સભાનતા કેળવે. માહિતીને ઓળખવા પર્યાપ્તપણે ધ્યાનપૂર્વક સાંભળે પણ જયારે પૃથ્થકરણ કે અર્થઘટન અને આલેખન અંગે સમજાવવાનું આવે ત્યારે મુશ્કેલી અનુભવે. પરિચિત વાર્તાલાપની સ્થિતિમાં ભાષાનો અસ્ખલિતપણે કરી શકે.

- વાંચન અને અવલોકન વેળાએ માહિતીની ઓળખ કરી શકે પણ આલેખનનું અર્થઘટન, વિશ્લેષણ કે સ્વતંત્રપણે સમજણ આપતી વખતે મુશ્કેલી અનુભવે. ઉંડી સમજ ધરાવે પણ વિચારોના પ્રદાન કે અભિપ્રાયોને ચાલના આપતી વખતે ખચકાટ અનુભવે. પર્યાપ્ત અસ્ખલિતતા સાથે મોટેથી વાંચન કરી શકે. વિભિન્ન વિચારો કે સાંસ્કૃતિક બાબતો પરત્વે પૂરતી સંવેદના દાખવે.

- આલેખનને સારી રીતે લખીને રજૂ કરી શકે પણ ઘણીવાર તેમાં સંવાદ સંયોગ કે ચીવટની ત્રુટી જણાય. યોગ્ય મદદ મળતા ભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ તરફ પૂરતું ધ્યાન આપી શકે. મદદ ધ્વારા યોગ્ય લક્ષ્યાંકવાળા વિચારોનો વિકાસ તેમજ સતત માર્ગદર્શન હેઠળ અર્થ અવરોધક ભૂલોનું નિયંત્રણ કરી શકે.

- ભાષા સંમેલન અને માળખાનો પૂરતી સમજણ સાથે ઉપયોગ કરી શકે પણ બેકાળજી ભરી ભૂલો કરે. યોગ્ય મદદ ધ્વારા શબ્દ અને તેના સ્વરૂપોના અર્થ તથા કાર્યો ઓળખ અને અર્થઘટન ધ્વારા સમજાવે. વાકય રચનાનો વિભિન્ન ઉપયોગ કરે પણ ગંભીર ભૂલો કરે. વ્યાકરણ અને શબ્દ ભંડોળ પર પૂરતું નિયંત્રણ ધરાવે.

# ધોરણ 12

## Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૨ની સમાપ્તિ બાદ પર્યાપ્ત સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- સંવાદી અને સંયોગી હોવા ઉપરાંત પૂરતા વિશ્વાસ વડે રજૂઆત કરી શકે પણ સહાયતાની જરૂર રહે. સંવેદનશીલતા અને સન્માન ધરાવતી ભાષાનો ઉપયોગ પૂર્ણ સભાનતાથી કરે. માહિતીને ઓળખવા પર્યાપ્તરીતે ધ્યાનપૂર્વક સાંભળે પરંતુ વિશ્લેષણ કે અર્થઘટન અને આલેખન અંગે સમજાવવાનું હોય ત્યારે મુશ્કેલી અનુભવે. વાર્તાલાપની સ્થિતિના ફલક પર ભાષાનો અસ્ખલિતપણે કરી શકે.

- વાંચન અને અવલોકન વેળાએ માહિતીની ઓળખ કરી શકે પણ આલેખનનું અર્થઘટન કે વિશ્લેષણ અને સ્વતંત્રપણે સમજ આપવાની હોય ત્યારે મુશ્કેલી અનુભવે. ઉંડી સમજ ધરાવે પણ વિચારોના પ્રદાન કે અભિપ્રાયોને ચાલના આપતી વખતે ખચકાટ અનુભવે. પર્યાપ્ત અસ્ખલિતતા સાથે મોટેથી વાંચન કરી શકે. વિભિન્ન વિચારો કે સાંસ્કૃતિક બાબતો પરત્વે પૂરતી સંવેદના દાખવે.

- આલેખનને સારી રીતે રજૂ કરી શકે પણ ઘણીવાર તેમાં સંવાદ સંયોગ કે ચીવટની ઉણપ રહી જાય. યોગ્ય મદદ મળતા ભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ પરત્વે પૂરતું ધ્યાન આપી શકે. મદદ ધ્વારા યોગ્ય લક્ષ્યાંકોવાળા વિચારોનો વિકાસ તેમજ સતત માર્ગદર્શન હેઠળ અર્થ અવરોધક ભૂલોનું નિયંત્રણ કરી શકે.

- ભાષા સંમેલન અને માળખાનો પૂરતી સમજણ સાથે ઉપયોગ કરી શકે પણ બેકાળજી ભરી ભૂલો કરે. યોગ્ય મદદ ધ્વારા શબ્દ અને તેના સ્વરૂપોના અર્થ તથા કાર્યો ઓળખ અને અર્થઘટન ધ્વારા સમજાવે. વાકય રચનાનો વિભિન્ન ઉપયોગ કરે પણ ગંભીર ભૂલો કરે. વ્યાકરણ અને શબ્દ ભંડોળ પર પૂરતું નિયંત્રણ રાખે.

# ધોરણ 10

| C સંજ્ઞાક્રમ | S સ્કેલ | Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન |
|---|---|---|
| ૨ | ૩૦% થી ૩૯%<br>આંશિક | ધોરણ–૧૦ની સમાપ્તિ બાદ આંશિક ઉપલબ્ધિ મેળવનાર વિદ્યાર્થી આ બાબતો કરી શકે. |

- બોલીને રજૂઆત કરી શકે પણ તેમાં સંયોગીપણું કે સંવાદપણું ભાગ્યેજ હોય. ભાષા પ્રત્યેનું સન્માન કે સભાનતા ભાગ્યેજ બતાવે તેમજ માહિતીના અર્થઘટન, પૃથ્થકરણ કે સમજણનું આલેખન પૂર્ણ માર્ગદર્શન મળવા છતાં કદાપિ ન કરે. કોઈક વાર અત્યંત પાયાનો સંદેશ જાણીતી સંચાર વ્યવસ્થા હેઠળ પહોંચાડે છે પણ અસ્ખલિતપણે ક્યારેય નહીં.

- આલેખનને સ્વતંત્ર પણે અને ચીવટપૂર્વક સમજાવવાનું અર્થઘટન કરવાનું કે પૃથ્થકરણ કરવાનું ભાગ્યેજ કરે છે. વાંચન કે વિચાર વખતે ઉંડી સમજ અથવા સ્વ વિચારોને ચાલના આપવાનું ક્યારેક જ કરે છે. અસ્ખલિતપણે મોટેથી વાંચન ક્યારેય નહીં તેમજ ભિન્ન મત અને સાંસ્કૃતિક પ્રશ્નો અંગે સંવેદનશીલતા ક્યારેય બતાવશે નહીં.

- સંવાદી, સંયોગી અને ચીવટપૂર્વકનું આલેખન ક્યારેય લખીને રજૂ કરી નહીં. વિભિન્નતા, શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ તરફ સતત મદદ મળવા છતાં ક્યારેય ધ્યાન આપે નહીં. વળી માર્ગદર્શન મળે તો જ મૂળભૂત વિચારો કે અભિપ્રાયોને વિકસાવે છે. જે લક્ષ્ય વિહોણા હોય છે અને ઘણીવાર ગંભીર ક્ષતિયુકત હોય છે. સતત માર્ગદર્શન છતાં સુધારા કે સંકલન માટે ખૂબ ઓછો અવકાશ હોય છે.

- ભાષા સંમેલન અને માળખાના ઉપયોગ વિશે ક્યારેય ન સમજી શકે અને ઘણી જ ગંભીર ભૂલો કરે છે. શબ્દ અને શબ્દનાં સ્વરૂપોના કાર્યોના અર્થને સમજાવવાનું અર્થઘટન કરવાનું કે પૃથ્થકરણ કરી ઓળખવાનું કામ સતત માર્ગદર્શન હેઠળ પણ ન કરી શકે. વાકયોના સાદા માળખાનો ઉપયોગ કરવામાં પણ ઘણી ભૂલો કરે છે તથા વ્યાકરણ અને શબ્દભંડોળ ઉપર ખૂબ જ મર્યાદિત નિયંત્રણ ધરાવે છે.

## ધોરણ 11

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૧ની સમાપ્તિ બાદ આંશિક સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- વકતવ્ય ધ્વારા રજૂઆત કરે પણ તેમાં સંયોગી કે સંવાદીપણું ભાગ્યેજ હોય. ભાષાનો પ્રયોગ કરે પણ સંવેદના કે સન્માન પ્રત્યેની સભાનતા કયારેક ના હોય. માહિતીન અને અનુભવોને સમજવામાં ભાગ્યેજ ધ્યાન આપે. આલેખનના વિશ્લેષણ, અર્થઘટન કે સમજણ વખતે મદદ હોવા છતાં મુશ્કેલી અનુભવે. જાણીતા વાર્તાલાપની સ્થિતિમાં ઘણીવાર પાયાનો સંદેશ પહોંચાડે પણ તેમાં અસ્ખલિતતા કયારેય ન હોય.
- વાંચને કે અવલોકન વખતે આલેખનને સ્વતંત્રપણે સમજાવવાનું, અર્થઘટન કરવાનું કે વિશ્લેષણ કરવાનું ખૂબ ભાગ્યે જ થાય. ખૂબ જ મર્યાદીત આંતરસૂઝ અને સ્વ વિચારોની ભાગ્યેજ ચાલના કરી શકે. અસ્ખલિત અને મોટેથી વાંચન થાય નહીં તેમજ વિભિન્ન વિચારો અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલતા દાખવે નહીં.
- સંવાદી કે સંયોગી અને ચીવટવાળું આલેખન કયારેય લખીને રજૂ કરી ન શકે. વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ પ્રત્યે પૂરતું ધ્યાન ન આપે, મદદ મળવા છતાં વિચારો અને અભિપ્રાયોનો મૂળભૂત વિકાસ મદદને આધારે કરી શકે પણ આમાં લક્ષ્યાંક અર્થવિહીન અને ભૂલોથી ભરપૂર હોય. સતત સહાય મળવા છતા સંકલન કે પુનઃલેખન માટે ખૂબ જ મર્યાદીત પ્રયત્નો કરે.
- ભાષા સંમેલન અને માળખાનો કયારેક સમજણ સાથેનો ઉપયોગ કરી ન શકે તથા ઘણી ગંભીર ભૂલો કરે. શબ્દ અને તેના સ્વરૂપોના અર્થ તથા ભિન્ન કાર્યોની ઓળખ, માર્ગદર્શન મળવા છતા ન કરી શકે. સાદી વાકય રચનાનું મર્યાદીત હેતુઓ માટેનો ઉપયોગ પણ ઘણી ભૂલો સાથે કરે. વ્યાકરણ તથા શબ્દભંડોળ પર મર્યાદિત અંકુશ રાખી શકે.

## ધોરણ 12

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૨ની સમાપ્તિ બાદ આંશિક સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- વકતવ્ય ધ્વારા રજૂઆત કરે પણ તેમાં સંયોગી કે સંવાદીપણું ભાગ્યેજ હોય. ભાષાનો પ્રયોગ કરે પણ સંવેદના કે સન્માન પ્રત્યેની સભાનતા કયારેક ના હોય. માહિતી અને અનુભવોને સમજવામાં ભાગ્યેજ ધ્યાન આપે. આલેખનના વિશ્લેષણ, અર્થઘટન કે સમજણ વખતે મદદ હાજર હોવા છતાં મુશ્કેલી અનુભવે. જાણીતા વાર્તાલાપના ફલક પર પાયાનો સંદેશ પહોંચાડે પણ તેમાં અસ્ખલિતપણું કયારેય ન હોય.
- વાંચન કે અવલોકન અને આલેખનને સ્વતંત્રપણે સમજવાનું, અર્થઘટન કરવાનું કે વિશ્લેષણ કરવાનું ખૂબ ભાગ્યે જ થાય. અત્યંત મર્યાદીત એવી ઉંડી સમજ કે સ્વ વિચારોને ચાલના આપવાનું ભાગ્યેજ કરી શકે. વાંચન મોટેથી કે અસ્ખલિતપણે થઈ ન શકે તેમજ વિભિન્ન વિચારો કે સાંસ્કૃતિક બાબતો અંગે સંવેદનશીલતા ન દાખવે.
- સંવાદી કે સંયોગી ચીવટવાળું આલેખન કયારેય રજૂ ન કરી શકે. વિભિન્ન શ્રોતાઓ, હેતુઓ, સંદર્ભો કે રચનાઓ પ્રત્યે પૂરતું ધ્યાન ન આપે, મદદ મળવા છતાં વળી વિચારો અને અભિપ્રાયોનો મૂળભૂત વિકાસ મદદને આધારે કરી શકે પણ આમાં લક્ષ્યાંક અર્થવિહીન અને ભૂલોથી ભરપૂર હોય. સતત સહાય મળવા છતા સંકલન કે પુનઃલેખન માટે ખૂબ જ મર્યાદીત પ્રયત્નો કરે.
- ભાષા સંમેલન અને માળખાનો કયારેક સમજણ સાથેનો ઉપયોગ કરી ન શકે તથા ઘણી ગંભીર ભૂલો કરે. શબ્દ અને તેના સ્વરૂપોના અર્થ તથા તેના ભિન્ન કાર્યોની ઓળખ, માર્ગદર્શન મળવા છતા ન કરી શકે. સાદી વાકય રચનાનો મર્યાદીત હેતુઓ માટેનો ઉપયોગ પણ ઘણી ભૂલો સાથે કરે. વ્યાકરણ તથા શબ્દભંડોળ પર મર્યાદિત અંકુશ રાખી શકે.

# ધોરણ 10

| C સંજ્ઞાક્રમ | S સ્કેલ | Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦% થી ૨૯% અપર્યાપ્તઃ | ધોરણ–૧૦ની સમાપ્તિ બાદ અપર્યાપ્ત ઉપલબ્ધિવાળા વિદ્યાર્થી નીચેની બાબતો કરી શકે. |

- બોલીને રજૂઆત કરી શકે પણ ખૂબજ લાંબા મૌનને અંતે અને ગંભીર ખંડીતતાઓનો આશરો લઈને ભાષાના ઉપયોગમાં સંવેદનશીલતા કે સ્વમાન અંગેની ખૂબજ મર્યાદિત જાગરૂકતા બતાવે છે. ખૂબજ નબળું ધ્યાન હોવાથી માહિતીની સમજણ પૃથ્થકરણ કે અર્થઘટન અંગેની સંભાવના અલ્પ છે. ખૂબજ નબળા શબ્દભંડોળને લીધે ભાષાનો સંદેશાવાહક તરીકેનો ઉપયોગ અસરકારક બનતો નથી.

- આલેખનના વાંચન કે વિચારને કયારેય પણ ઓળખવાનું અર્થઘટન કરવાનું, પૃથ્થકરણ કરી સમજાવવાનું થઈ શકે નહીં. ઉંડી સૂઝ કે વિચારોની ચાલના થતી નથી. મોટેથી ભાગ્યેજ વાંચી શકે છે યા તો ભિન્ન મતો કે સાંસ્કૃતિક બાબતો પ્રત્યે કોઈ સંવેદનશીલતા દર્શાવી શકે છે.

- સંયોગી કે સંવાદી અને ચીવટપૂર્ણ હોય તેવુ કોઈ આલેખન થઈ શકતું નથી. કે ભિન્નતા, શ્રોતાઓ, હેતુઓ સંદર્ભો કે રચનાઓ પ્રત્યે કોઈ લક્ષ અપાતું ની. લખતી કે રજૂ કરતી વખતે વિષયના ખોટા અર્થઘટન અને નબળી ભાષાના ઉપયોગથી સર્જાતું આલેખન મૂર્ખાઈપૂર્ણ હોઈ સુધારા કે સંકલન માટે, સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ પણ, કોઈ જ તક શેષ છોડતું નથી.

- ભાષાના માળખાને સમજવાની કે ઉપયોગમાં લેવાની કે પ્રાથમિક શબ્દો કે શબ્દનાં સ્વરૂપોને ગ્રાહય કરવાની કોઈ જ ક્ષમતા નથી. વ્યાકરણવિહીન વાકયોનો ઉપયોગ કરે છે. શબ્દભંડોળ યા વ્યાકરણનું કોઈ જ જ્ઞાન ગ્રાહય થયેલ નથી.

.

## ધોરણ 11

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૧ની સમાપ્તિ બાદ અપર્યાપ્ત સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી આવા હોય.

- બોલીને રજૂઆત કરી શકે પણ ખૂબજ લાંબા મૌનને અંતે તેમજ ગંભીર ખંડીતતાઓનો આશરો લઈને ભાષાના ઉપયોગમાં સંવેદનશીલતા કે સન્માનની ખૂબજ મર્યાદિત જાગરૂકતા દર્શાવે. ખૂબજ નબળું ધ્યાન હોવાથી માહિતીની સમજણ, વિશ્લેષણ કે અર્થઘટનની સંભાવના અલ્પ છે. ખૂબજ નબળા શબ્દભંડોળને લીધે ભાષાનો સંદેશાવાહક તરીકેનો ઉપયોગ બિન અસરકારક લાગે છે.
- આલેખનના વાંચન કે વિચારને કયારેય પણ ઓળખવાનું કે અર્થઘટન કરવાનું, વિશ્લેષણ કરી સમજાવવાનું કરી ન શકે. ઉંડી સમજણ કે વિચારોની ચાલના થઈ શકે નહીં. મોટેથી ભાગ્યેજ વાંચી શકે યા તો ભિન્ન મતો કે સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલ બની શકે.
- સંયોગી કે સંવાદી હોય તેવું ચીવટપૂર્વકનું કોઈ આલેખન કરી ન શકે. ભિન્ન શ્રોતાઓ, હેતુઓ સંદર્ભો કે રચનાઓ પ્રત્યે જરા પણ લક્ષ ન આપી શકે. લખતી કે રજૂ કરતી વખતે વિષયનું ખોટું અર્થઘટન અને નબળી ભાષાના ઉપયોગથી સર્જાતું આલેખન મૂર્ખાઈપૂર્ણ હોઈ સુધારા કે સંકલન માટે, માર્ગદર્શનો માહોલ રચવા છતાં, કોઈ તક રહેતી નથી.
- ભાષાના માળખાને સમજવાની કે ઉપયોગમાં લેવાની પ્રાથમિક શબ્દો કે શબ્દ સ્વરૂપોને ગ્રાહય કરવાની કોઈ જ ક્ષમતા નથી. વ્યાકરણવિહીન વાકયોનો ઉપયોગ કરે છે. શબ્દભંડોળ કે વ્યાકરણ માટે ઉપયોગનું સ્થાન જ્ઞાન નથી.

## ધોરણ 12

### Cd બીજી વધારાની ભાષા માટેની યોગ્યતાનું વર્ણન

ધોરણ–૧૨ની સમાપ્તિ બાદ અપર્યાપ્ત સિધ્ધિવાળા વિદ્યાર્થી આવા હોય.

- બોલીને રજૂઆત કરી શકે પણ ઘણા લાંબા મૌનને અંતે વળી અક્ષમ્ય ખંડીતતાઓનો આશરો લઈને ભાષાના ઉપયોગમાં સંવેદનશીલતા કે સન્માનની ખૂબજ મર્યાદિત જાગરૂકતા દર્શાવે. ખૂબજ નબળું ધ્યાન હોવાથી માહિતીની સમજણ, વિશ્લેષણ અને અર્થઘટનની સંભાવના અલ્પ છે. ખૂબજ નબળા શબ્દભંડોળને લીધે ભાષાનો સંદેશાવાહક તરીકેનો ઉપયોગ બિન અસરકારક લાગે છે.
- આલેખનના વાંચન કે વિચારને કયારેય પણ ઓળખવાનું કે અર્થઘટન કરવાનું, વિશ્લેષણ કરી સમજાવવાનું કરી ન શકે. ઉંડી સમજણ કે વિચારોની ચાલના થઈ ન શકે. મોટેથી ભાગ્યેજ વાંચી શકે યા તો ભિન્ન મતો કે સાંસ્કૃતિક બાબતો અંગે સંવેદનશીલ બની શકે.
- સંયોગી અને સંવાદી હોય તેવું ચીવટપૂર્વકનું આલેખન કરી ન શકે. ભિન્ન સંદર્ભો, શ્રોતાઓ, હેતુઓ કે રચનાઓ પ્રત્યે જરા પણ લક્ષ ન આપી શકે. લખતી કે રજૂ કરતી વખતે વિષયનું ખોટું અર્થઘટન અને નબળી ભાષાના ઉપયોગથી સર્જાતું આલેખન મૂર્ખાઈપૂર્ણ હોઈ સુધારા કે સંકલન માટે, માર્ગદર્શનનો માર્ગ ખુલ્લો હોવા છતાં, કોઈ તક રહેતી નથી.
- ભાષાના માળખાને સમજવાની કે ઉપયોગમાં લેવાની પ્રાથમિક શબ્દો કે શબ્દ સ્વરૂપોને ગ્રાહય કરવાની કોઈ જ ક્ષમતા હોતી નથી. વ્યાકરણવિહીન વાકયોનો ઉપયોગ કરતા હોવાથી શબ્દભંડોળ કે વ્યાકરણ માટે ઉપયોગનું સ્થાન કે જ્ઞાન નથી.

# શબ્દસૂચ

ACRONYM – નામ કે વાક્યખંડના પ્રથમ અક્ષરોથી બનેલો શબ્દ કે જેનું ઉચ્ચારણ થઈ શકતું હોય. દા.ત. FET (Further Education and Training)

Additional Language – જુઓ શબ્દ Home Language : શિખવાડાતી એવી ભાષા કે જે ભણનારની પોતાની ભાષા સિવાયની હોય.

Additive – જયારે વ્યકિત પોતાની ભાષા ઉપરાંત બીજી ભાષા કે ભાષાઓ શીખે છે. આ ભાષાઓ કે ભાષા તેની ઘરની ભાષાનું સ્થાન ગ્રહણ નથી કરતી પણ સાથે સાથે શિખવાડાય છે. આ Additive Multingual પ્રોગ્રામમાં પોતાની ભાષાને બળ અને મકકમતા પ્રાપ્ત થાય છે અને બીજી ભાષાઓ જે ભણાવવામાં આવે છે તેની ગુણવત્તા વધે છે.

Aesthetic – ભાષાના સૌંદર્ય પ્રતિ સંવેદનશીલ અને આમ જોતાં આલેખનની અનંત ગુણવત્તાઓ પ્રત્યેની સંવેદના અને કદરદાની.

Alliteration – ખાસ કરીને એક જ પ્રકારના અને પ્રાથમિક સુસંગત આવાજનું પુનરાવર્તનઃ પ્રાય.

Ambiguity – શબ્દના વપરાશની તરાહથી તેના બેવડા અર્થ સર્જાય છે. જયારે આવા શબ્દનો વપરાશ વિના ઉદેશ થતો હોય ત્યારે તેના અર્થને તે ઢાંકી દે છે. (જેમ કે : જનરલ ફલાઈઝ બેક ટુ ફ્રન્ટ અને શોર્ટ ચિલ્ડ્રન સ્ટોરીઝ આર ઈન ડીમાન્ડ)

Anecdotes – રમુજી–પ્રસંગકથા – નાના નાના પ્રસંગો કે બનાવો, જે, મનોરંજન, ગમ્મત, કે ધ્વેષભાવ જેવા હેતુથી વર્ણવવામાં આવ્યા હોય.

Animation – સ્થિર ચિત્રો જાણે કે જીવંત રીતે હાલતાં ચાલતાં હોય તેવો ભાસ પેદા કરવાની તાંત્રિક તરકીબ.

Anticlimax – નાટકિય અર્થવિહીન કે વિષયાંતરપ્રસંગને લીધે જયારે કોઈ મહત્વની બાબત ઉંચી અપેક્ષાએ પહોંચી હોય, ઉત્તેજના અધૂરી લાગે કે, સાહિત્યનો કોઈ પ્રસંગ અચાનક તેની ગંભીરતા ગુમાવે તેને એન્ટી કલાઈમેકસ પરિસ્થિતિ કહેવાય.

Antithesis – બે વિરોધી કે ભિન્ન વિચારોને સમતોલ વિરોધથી વ્યકત કર્યા હોય. (દા.ત. ખૂબ ઉતાવળ – ઓછી ઝડપ)

Appropriacy – ભાષા જો યોગ્ય હોય તો એ જે સંદર્ભમાં વપરાઈ હોય તેને અનુકૂળ થાય છે. (દા.ત. 'ગુડમોર્નીંગ મી. જોન' એ વિધિસરના કાર્યાલય રૂટીનમાં યોગ્ય ગણાય અને હાય ૦ યે – વગેરે મિત્રોની વચ્ચે સારું લાગે.)

Assessment – ભણનારની યોગ્યતા બાબતે અલગ અલગ રીતે એકત્ર કરવામાં આવતી માહિતી માટેની સાતત્યપૂર્ણ ગઠીત પ્રક્રિયા – મૂલ્યાંકન.

Assonance – પરિણામનું મુલ્યાંકન કરવાનાં ધોરણો.

Assonance – પુનરાવર્તન – ખાસ કરીને, એક અથવા વધારે શબ્દોમાં સ્વરના ઉચ્ચારમાં થતુ પુનરાવર્તન (જેમકે June અને Tune)

Audience – નિર્ધારિત વાંચક – શ્રોતા કે દર્શક – કોઈપણ યોગ્ય આલેખનની પસંદગી વખતે લેખક યા વકતાએ હેતુ અને વાંચકવૃન્દને લક્ષમાં રાખવા જોઈએ.

Authentic Texts – લખાણ કે જેનું કાર્ય વ્યવહારું હોય ( જેમ કે સામયિક, સમાચારપત્ર, લેખ કે નિવેદન – રેડીયો ટેલીવિઝન, જાહેરાત, વસ્તુ પરના લેબલમાંથી કે પ્રવાસી પુસ્તીકામાંથી. સરકારી પત્રો વગેરે અના દાખલા છે.)

Bias – કોઈ એક વસ્તુ, વિચાર, ધારણા કે વ્યકિતને બીજાની સરખામણીએ તરફેણ કરવી. આવી એકતરફી તરફેણથી સાચા મુલ્યાંકનમાં મુશ્કેલી પડે છે.

Caption – મથાળું કે ટીકા–સંદર્ભ જે કોઈ લેખ. ચિત્ર ફોટોગ્રાફ વગેરેના મથાળે કે નીચે મૂકવામાં આવે છે.

Caricature – કોઈ પાત્રના વિશિષ્ટ ગુણ, કે દેખાવની ઠેકડી ઉડાવીને જે અતિશયોકિતપૂર્ણ ચિત્રણ (લખાણમાં કે દૃશ્યનું) કરાય તે.

Cause – જે કોઈ એક પગલા કે સ્થિતિને પેદા કરવામાં કારણભૂત હોય.

Cinematographic – ચિત્ર–:ફિલ્મનું નિર્માણ કરવા માટે જે યંત્રણા–સાધનોનો ઉપયોગ કરાય તે (દા.ત. કમ્પોશીશન, લાઈટ દૃશ્યનો પ્રકાર)

Cliche – કોઈ એક વિચાર કે ઉદગાર એટલી બધી વાર વપરાયો હોય કે તેણે તેની અસરકારકતા ગુમાવી દીધી હોય.

Climax – ખૂજબ ચિત્ત થરારક, અસરકારક કે અતિ અગત્ય એવો વાર્તાનો ભાગ જે અંતભાગમાં જ હોય તે જરૂરી નથી.

Coherence – તાર્કિક સંબંધ કે જે વિચારોને જોડતો હોય અને લખાણના ફકરાઓ વચ્ચે સુમેળ ધરાવે.

Cohesion – ફકરા કે વાકયોને તાર્કિક જોડાણો ઉચ્ચારો કે પુરાવર્તન વગેરેથી સંયોજવાં.

Colloquialism – સામાન્ય વાતચીતની ભાષા –

Comparative – સરખામણીની માત્રા જે વિશેષણ કે ક્રિયાવિશેષણમાં વપરાય છે.
(See superlative)

Compare – કઈ બાબતોમાં સામ્યતા છે તે મૂલવવું.
(See contrast)

Complex Word – શબ્દ કે જેમાં મુખ્ય ભાગની જોડે બીજા વધારે ભાગનું જોડાણ હોય.
(e.g. re.invent)

Compound Word – બે અથવા વધારે શબ્દોની યુતિ (e.g. Body guard)

Conflict – પત્રો કે વ્યકિતઓ વચ્ચે ઉદભવતા ઝગડા અને તેમનાં ભાગ્ય કે સંજોગો. સાહિત્યમાં પણ આ વસ્તુ વિરોધી ઈચ્છા કે પાત્રના પોતાના મનમાં ઉદભવતી અભિલાષા.

Conjunction – અન્વય – બે વાકય, શબ્દ, ઉપવાકયોને જોડતો શબ્દ.

Connotative – સૂચિત અર્થ
હકારાત્મક અને નકારાત્મક એન બન્ને પ્રકારના ભાવો જે શબ્દ પ્રયોગો ધ્વારા મેળવે છે જેનો પ્રાથમિક અર્થ અલગ હોય છે.

Context – સંદર્ભ : લખાણું સર્જન સંદર્ભ સાથે જ થતું હોય છે. સંદર્ભમાં બૃહદ અને તાત્કાલિન પરિસ્થિતિ જેવી કે સામાજિક, સાંસ્કૃતિક અને રાજકિય પૃષ્ઠભૂમિ હાજર હોય છે.

Contrast – વિરોધાભાસ
(See Compare) – વસ્તુઓમાં કયાં ભિન્નતા છે તે નકકી કરવા વપરાતો શબ્દ.

Conventions – પ્રથા. ભાષાના પ્રયોગમાં સ્વીકૃત નિયમ કે પધ્ધતિ. કેટલીક પ્રથાઓથી અર્થ સ્પષ્ટ થાય છે. (જેમકે વ્યાકરણના નિયમો, પૂર્ણવિરામ, પ્રથમાક્ષરો). કેટલીક સંદર્ભને રજૂ કરવામાં મદદરૂપ થાય છે. (જેમ કે અનુક્રમણિકા, સામાન્ય નકશા, તળીયાનોંધ, કોઠાઓ, શિર્ષક, નોંધ, ચિત્રો – ક્રમાંકો) અને બીજી ભાષાની તરાહને ઉજાગર કરે છે.

Creative thinking – એવું ચિંતન કે જેમાં અસાધારણ અને અવીન સ્થિતિ કે વિચારોને સ્થાન હોય. નવા સર્જનાત્મક રસ્તે તેમનો ઉપયોગ કરી અભ્યાસુ બધા વિષયોમાં કે કાર્યોમાં કલ્પના, શોધ અને સુધારો લાવી શકે.

Critical Awareness – ભાષાઓ વચ્ચેના સબંધો કેવી રીતે સર્જાય છે તેનું વિશ્લેષણ. અભ્યાસ કરનારને તે ભાષાનો સંવેદનાપૂર્ણ ઉપયોગ અને ચાલાકી સાથે ટકાઉપણું આપે છે.

Denotative Meaning – શબ્દનો સાહિત્યીક કે પ્રાથમિક અર્થ.
(See connotative meaning)

Derivative – મૂળભૂત યા તો બીજા શબ્દ પરથી ઉતરી આવેલો શબ્દ. ખાસ કરીને સર્ગ કે ઉપસર્ગ લાગવાથી બનતો શબ્દ જેમ (Quickly Quick માંથી)

Dialect – કોઈ એક જાતિ કે સમજ ધ્વારા અપનાવેલી ભાષાનું સ્વરૂપ. આ ભાષ લાક્ષણિક રીતે, શબ્દોમાં. બાંધણીમાં તથા ઉચ્ચારોમાં બીજી એવીજ ભાષા કરતાં જુદી હોય છે.

Dramatic Irony – આ સ્થિતિ ત્યારે બને છે જયારે વાચક કે પ્રેક્ષક યા શ્રોતાની જાણકારી પરિસ્થિતિ અને અસર અંગે, પાત્ર કે કિરદાર જેમાં સામેલ છે તે કરતાં પણ વધારે હોય ત્યારે તે ઉત્તેજના, આનંદ અને ઓડીયન્સનો સહભાગ વધારનાર બને છે.

Editing – સંકલન – કોઈપણ આલેખનને મુસદ્દાબંધ અને ફરી મઢારવાનું કામ જેવું કે વ્યાકરણના પ્રયોગમાં સુધારો. પૂર્ણવિરામ અને જોડણીની ભૂલો, લખાણને તપાસવું, વિચારોનો સુમેળ અને બાંધણીને સંયોગી બનાવવી – માધ્યમની રીતે એડીટીંગ એટલે સર્જન, ચયન અને આલેખનનો નકશો.

ભ))ભ'ત ટહબ્ઞ(ભ્ટ – અસર–પગલાં કે પરિસ્થિતિનો પ્રભાવ કે પરિણામ.

ભ?:ત્ન્–ભીબ્ધ્નઞ્બન્ભ – એવી ભાષા જે લાગણીઓને ઉત્તેજીત કરે.

ભગઉઝભ?ય(? – ખૂબજ કઠોર કે અણીયાળા વિચારને નરમ કે સંદિગ્ધ રીતે વ્યકત કરવાની રીત.

Explicit – સાપેક્ષ – જેમાં સ્પષ્ટ અને સીધો અર્થ નીકળતો હોય.

Figurative – ધારેલી અસર ઉભી કરવા શબ્દ કે વાકયને અશાબ્દિક રીતે રજૂ કરવું તે. સાહિત્યીક લખાણમાં અલંકારિક ભાષાનો એકાગ્રપણે ઉપયોગ થાય છે.

Fluency – અસ્ખલિતતા– નદીના વહેણ પરથી ઉતરી આવેલ શબ્દ. ભાષાને સંયોગી કે સંવાદી, કુદરતી રીતે વાપરવામાં સરળ અને અર્થઘટનમાં અનુકૂળ બનાવવાતું એક લક્ષણ.

Font – અક્ષરોનું ટાઈપ કદ. જયારે લખવાનો ટાઈપ કરવાનો કે છાપવાનો હોય ત્યારે કદ અને શૈલી. (દા.ત. 12 Pt. (size) કે Times New Roman)

Fore grounding – શાબ્દિક રીતે વાપરતાં, તેનો અર્થ–શબ્દને ચોકઠાની આગળના ભાગે નજીકથી ગોઠવવો એવો થાય. જયારે આકૃતિક રીતે એક બિંદુથી બીજા બિંદુ તરફ આગળ.

Genre – આલેખનોનાં જૂથ તેના પ્રકાર અને ધોરણ.

Gesture – ચહેરા કે શરીરની અર્થપૂર્ણ હાલ ચાલ. (જેમ કે માથુ હલાવવાથી હકાર દર્શાવવો.)

Graphics – દૃષ્ટિવિષયક અને તાંત્રિક કળાનું કામ. (e.g. ચિત્ર કે ડીઝાઈનીંગ)

Home Language – માતૃભાષા – બાળકો ધ્વારા મેળવાતી ઘરમાંની રૂઢ તથા વપરાતી ભાષા કે જે ભાષામાં તેઓ વિચારો કરી શકે.

Homonym – સમાન ઉચ્ચારવાળા શબ્દ પણ જેના અર્થ અલગ થતા હોય. (જેમકે નામ The Bear and ક્રિયાપદ To Bear)

Hyperbole – ઈરાદાપૂર્ણ અતિશયોકિત (વાસ્તવિકપણે વસ્તુ હોય તેનાથી ઘણી મોટી બતાવવી (જેમકે તેણે મને ડુંગર જેટલો ખોરાક આપ્યો)

Idiom – કહેવત – એવું ઉચ્ચારણ કે ઉપવાકય જેનો ખાસ અર્થ નીકળતો હોય. શબ્દના સીધા અર્થ કરતાં તેને જુદી રીતે અંદરથી સમજવાનાં હોય. કહેવતી શબ્દો

Idiomatic Expression – એવા ઉદગારો કે જે અલંકારિક હોય અને હંમેશાં અવિધિસર વપરાય છે અને વાપરનારાઓ માટે તેનો ચોકકસ અર્થ હોય છે.

Imagery – કલ્પના – શબ્દ, વાકય કે ઉપવાકય જે આપણા મગજમાં એક કલ્પના ઉભી કરે છે. (જેમકે સ્મીત, અલંકાર કે રૂપક અને સજીવારોપણ)

Implicit – આલેખનમાં અપ્રત્યક્ષ રીતે સૂચિત અર્થ જે સીધેસીધો ન જણાવેલ હોય.

Implied – આલેખનમાં સૂચિત હોય તેવો પણ પ્રત્યક્ષ રીતે ન દર્શાવેલ.

Inclusivity – ભણતર દરેકને માટે સુલભ હોવું જોઈએ. તેમની ભણવાની પ્રથા, પૃષ્ટભૂમિ કે ક્ષમતા ગમે તેવી હોય આ એક સિધ્ધાન્ત છે.

Infer – શું કહેવામાં આવ્યું છે તેનું તથ્ય કે અર્થ પકડી લેવો અને બધાંજ તારણોનો હકિકત પ્રમાણે નિર્ણય કરવો.

Initiate – શરૂ કરવું.

Innuendo – કેટલુંક દુઃખદ જે સ્પષ્ટપણે કહેવા કે જણાવવા કરતાં ઈશારતથી બનાવેલું હોય.

Intonation – સૂર તિક્ષણતાની ઢબ કે ઉચારણનું સૌદર્ય જે વાકય કે ઉપવાકયના વ્યાકરણ માળખાનો સંકેત આપે છે.

Ironic Twist – ઘટનાના ક્રમમાં અચાનક અને અણધાર્યો ફેરફાર કે આશ્ચર્યજનક રીતે પ્રસંગનો વળાંક.
Irony – એવો અહેવાલ કે પરિસ્થિતી કે જેમાં તેના શાબ્દિક કે ઉપરછલ્લા અર્થ કરતાં જુદો અર્થ નીકળતો હોય.

Jargon – વેપાર કે વ્યવસાયમાં કે કોઈ વિશિષ્ટ સંગઠનમાં વપરાશો વિશેષ શબ્દસમુહ કે ઉદગાર. (જેમકે કોમ્પ્યુટર વાપરવાવાળા CPU RAM જેવા શબ્દો વાપરે તે) જયારે સાંભળનાર કે વાંચનારને બાદ કરીને આવા શબ્દો આંતરિક વાતચીત માટે વપરાય ત્યારે તે સુષુપ્ત રીતે ઈજાકારક અને નુકસાનકારક કહેવાય.

Literacies – અક્ષરજ્ઞાન. અક્ષરજ્ઞાન વિભિન્ન પ્રકારનાં હોય છે. (વિવેચન, દૃશ્ય. ગ્રાફ કમ્પ્યુટરથી માધ્યમ અને સામાજિક સંસ્કૃતિથી.)

Literacy – અલગ અલગ હેતુઓ અને સંદર્ભોની માહિતીના વપરાશ માટેની પ્રક્રિયા કે ક્ષમતા. આલેખનને ઉકેલવું જેથી દુનિયાનો અર્થ સમજાય.

Literal – શાબ્દિક : શબ્દ કે વાકયખંડને સરળપણે સમજવા માટેનો અર્થ.

Malapropism – લાંબા લાંબા ભૂલભરેલા અને ગૂંચવાડાયુકત શબ્દોનો કોઈને અભિભૂત કરવા માટે થયેલો ઉપયોગ. આવા શબ્દો જો કે ઘણુંખરું સાચા હોવા છતાં ગમ્મત પેદા કરવા માટે પૂરતા પ્રમાણમાં ખોટા હોય છે.

Manipulative – આવી ભાષાનો હેતુ બીજા ઉપર વગ કે છાંટ મારવા અથવા તેનો ગેરલાભ ઉઠાવવા વપરાય છે.

Meta Language – ભાષા વિશે વાત કરવા માટેની ભાષા. જેમાં સંદર્ભ, તરાહ, ઢાંચો કે સંવાદ જેવા રૂઢપ્રયોગો કરાય છે.

Metaphor – રૂપક – એકવસ્તુના વર્ણન માટે બીજી એવી જ વસ્તુનો આશરો લેવો (જેમ કે શિક્ષણ કે સફળતાની ચાવી છે.)

Metonymy – એક વસ્તુ કે જે અવિભાજીતપણે જોડાયેલી હોય તેના બદલે બીજીના ઉપયોગનો ઉલ્લેખ.

Mind. Map – નિબંધ કે પ્રકરણની રજૂઆત, જેમાં ચાવી રૂપ શબ્દો કે વિચારો આલેખની જેમ પ્રયોજાયેલા હોય.

Mode – પધ્ધતિ – કંઈક રજૂઆત કરવાની રીત. સંવાદનો રસ્તો. માહિતીને એક પધ્ધતિથી બીજી પધ્ધતિમાં રૂપાંતરીક કરી શકાય.

Mood – લખાણની અંદરની સંવેદના કે વાતાવરણ – ચરિત્ર કે કિરદારના માનસપટ પરની લાગણીઓ. આ ઉપરાંત જે કંઈ સર્જન થયું હોય, દૃશ્ય–શ્રાવ્ય કે અનેકવિધ માધ્યમો ધ્વારા, તેનો પરિવેશને તાદૃશ કરે છે.

Multi-Media – પધ્ધતિઓનો એક અખંડ ફલક જેમાં લખાણપ દૃશ્યસામગ્રી, ધ્વનિ, વીડીઓ વગેરે સામેલ હોય.

Narrative – વકતવ્ય કે લખાણનો ચિતાર જે પ્રસંગોના ઘટનાક્રમ પ્રમાણે ગ્રથીત કર્યો હોય.

Narrative Voice – જે માણસ વાતો કહેતો હોય તેનો અવાજ. (પ્રથમ પુરુષ જે 'હું' તરીકે વાત કહેતો હોય અને જેની વાત થતી હોય તે ત્રીજા પુરુષને આ પાત્ર તે, તેણી કે તેઓ તરીકે ઉદબોધન કરતો હોય જેથી અવાજનો ફરક સમજ પડે.)

Onomatopoeia – શબ્દોનો એવો પ્રયોગ જેથી અવાજનુ પુનઃસર્જન થાય. (જેમ કે – ટીક–ટોક)

Oxymoron – વિરોધી અર્થવાળા શબ્દોનું એકીકરણ. જે ઈરાદાપૂર્વક અસર ઉભી કરવા પ્રયોજાયા હોય.

Paradox – દેખીતી રીતે જ એક સ્વ–વિરોધી અહેવાો અથવા તર્કથી વિરુધ્ધ – છીછરા વિરોધાભાસથી પાછળ રહેલું તર્ક કે કારણ હિન.

Para Phrase – વ્યકિતના પોતાના જ શબ્દોમાં આલેખન કે વિચારનો પુનઃઅહેવાલ.

Paronym – શબ્દ કે જે બીજી ભાષામાંથી ઉતરી આવ્યો હોય પણ તેનું સ્વરૂપ થોડાક યા તો વિના ફેરફારવાળું હોય (જેમકે Canal (English) - Canalis (Latin)

Personification – નિર્જીવ વસ્તુઓને સજીવવસ્તુના લક્ષણો પ્રદાન કરવા.

Phonemes – ભાષાના અલગ અવાજો.

Plot – વાર્તા – લખાણમાં મુખ્ય પ્રસંગોના આંતરસંબંધઃ વાતોમાં પ્રસંગોની સામાન્ય સાદી ગૂંથણી કરતાં કંઈ વિશેષ હોય છે. પ્રસંગો અને કાર્યકારણના સંબંધોની જાળ વચ્ચેની તરાહનું તે સૂચન કરે છે.

Point of view – વર્ણન કરનારનો દૃષ્ટિકોણ (પ્રથમ પુરુષ યા ત્રીજા પુરુષ વડેના વર્ણન પ્રમાણેના દૃષ્ટિકોણ અથવા બન્નેનું એકીકરણ)

Polysems – એક શબ્દ માટે અનેક અર્થનું અસ્તિત્વ. (જેમકે SACK = wine = bag - to plunder અથવા Dismiss)

Prejudice – કોઈ એક વ્યકિત, સમૂહ, વિચાર કે કારણ તરફની અસહિષ્ણુતા કે હિતવિપરીતતા.

Pun – મજાક–મસ્તીના સર્જન માટે એકસરખા કે સમાન (અવાજવાળા) ધ્વનિવાળા શબ્દોનું નાટક કે રમત. (જેમ કે સાત દિવસનું પાણી વિનાનું week makes – one weak)

Redundancy – આવા શબ્દો, વાકયખંડો કે વાકયોને કાઢી નાખવા છતાં અર્થમાં કોઈપણ જાતની ક્ષતિ જણાતી નથી.

Register – વિભિન્ન સંદર્ભ કે પરિસ્થિતિમાં વિભિન્ન શબ્દો, રીત, વ્યાકરણ, સૂરની તિજ્ઞણ કે સૂરનો ઉપયોગ. (જેમ કે કાર્યાલયના દસ્તાવેજોને વિધીસર નોંધવહીમાં જયારે મૈત્રીપૂર્ણ પત્રોની સામાન્ય નોંધ હોય.)

Rhetorical Device – વાકછટાનું આયોજન – જેમ કે પુનરાવર્તન કે ચુપકીદીનો અસરકારક ઉપયોગ જયારે વકતા કરે છે. જેનાથી વાતને ગળે ઉતારવાનું કે ખાત્રી કરાવવાનું કામ અસરકારક રીતે પાર પાડી શકાય છે.

Rhetorical Question – વાકછટા યુકત પ્રશ્નો – એવા પ્રશ્નો કે જેમાં સામેથી જવાબ મેળવવાનો હોતો નથી પણ દબાણ કે નાટકીય અસર ઉપજાવવા પૂછાતા હોય છે. (જેમ કે તમે જાણો છો તમે કેટલા નસીબદાર છો ?)

Rhyme – અનુપ્રાસ – કાવ્યના શબ્દો કે પંકિતઓ કે જેનો અંત ભાગ એક સરખા પ્રાસવાળો, સ્વરવાળો હોય.

Rhythm – લયબધ્ધ્તા – એકધારો અને પુનરાવર્તીત અવાજની તરાહ.

SARCASM – કટાક્ષ–મહેણું – કટાક્ષયુકત ઉદગાર કે જે બીજા તરફ કઠોર કે દોષિત તરીકે વાપર્યા હોય યા કોઈની મજાક કરવા ઉચ્ચાર્યા હોય.

Satire – સમાજ પર હાંસી પાત્ર, કટાક્ષયુકત અને વક્રોકિતભરી વિવેચક ટીકાઓ –

SCAN – લખાણ કે અહેવાલ પર કોઈ વિશેષ માહિતી માટેનો દૃષ્ટિપાત – ઉડતી નજર.

Sentence Structure – અલગ અલગ સર્જનના સાધનોથી વાકયનું ઘડતર થાય છે. જેવાંક વકતવ્યનો ભાગ, ઉપવાકયો, વાકયસમૂહો, સાદા, સંગઠીત કે મિશ્ર વાકયો, વગેરે આ ઘડતરમાં ફાળો આપે છે.

Sentence type – વાકયના પ્રકાર (જેમકે અહેવાલ, નકારાત્મક, પ્રશ્નાર્થ અને આજ્ઞાકારી)

Simile – એક ચીજને સીધી જ બીજી સાથે સરખાવવી શબ્દ જેમ કે Like અથવા As કે આ સરખામણી તરફ ધ્યાન દોરવા વાપરવામાં આવે છે.

Skim – ઉપરછલ્લું અવલોકન કરી લેવા પાઠનું ઝડપી પઠન (દા.ત. મુખ્ય સમાચાર જાણવા સમાચાર પત્રના મુખ્ય લાઈનો વાંચવા.)

Slang – ભાંડણ – ગાળો – લોકોના કોઈ એક સમુહ ધ્વારા ઘણીવાર વપરાતી અવિધિસરની ભાષા. જેમકે કિશોરો (ટીનએજર્સ) વાપરે છે તેવી ગાલીપ્રચૂર અને રોજીંદા વપરાશની ભાષા વચ્ચે તફાવત એટલો જે કે આ (બ્ધિ- નો સ્વીકાર હજુ સુધી એક વિનમ્ર કે વિધિસરની સંવાદભાષા તરીકે થયો નથી જયારે colloquialism ને સ્વીકારાઈ છે.

Stereotype – કોઈ એક ચોકકસ વ્યકિત પાસેથી કયા ચોકકસ કાર્યની અપેક્ષા છે તે અંગેનો નકકી દૃષ્ટિકોણ (ઘણું કરીને પક્ષપાતી હોય છે.)

Strategy – સમસ્યાના હલ માટેની નકકી પ્રક્રિયા.

Stress – શબ્દના ચોકકસ પદ પર ભાર આપવો અથવા વાકયના શબ્દ પર ભાર આપવો.

Sub Plot – નવલકથા કે નાટકના મુખ્ય ઢાંચા સાથે સમાંતરપણે ચાલતી ગૌણ પ્રવૃત્તિ.

Symbol – પ્રતિક – કોઈ વસ્તુને રજુ કરતુ કે તેને માટે પ્રદર્શિત થતું.

Synonym – સમાનાર્થી – એકજ ભાષામાં આવતો શબ્દ જેનો અર્થ બીજા શબ્દના અર્થ સાથે મળતો હોય.

Text – લખાણ – આલેખન – કોઈપણ લેખીત, બોલેલું કે દૃશ્ય સ્વરૂપમાં રજૂ થયેલ સંવાદ–વાર્તાલાપ સંદેશ.

Theme – મધ્યવર્તી વિચાર કે લખાણના વિચારો, લખાણમાં ઘણા વિચારો સમાયેલા હોય અને આ બધા સ્પષ્ટ યા સુગમ ન પણ હોય.

Tone – સ્વર–અવાજ – લખાણના સંવેદનશીલ સંદેશને રજૂ કરતા અવાજની ગુણવત્તા અને ખડતલતા. આને શબ્દો વડે સાધ્ય કરી શકાય છે. ચલચિત્રોમાં સંગીત કે અન્ય ગોઠવણીથી તેનું સર્જન થઈ શકે.

Transactional Writing – કામકાજનું લખાણ – (જેમ કે પત્રો, મીટીંગના અહેવાલ – સંદેશા વગેરે)

Turn-Taking – સંમેલનો – એવી રૂઢી કે જેમાં લોકો વચ્ચેના સંવાદોના પ્રવાહનું નિયમન થતું હોય, અન્ય લોકો તેમનો અભિપ્રાય આપી શકતા હોય. અર્થની સ્પષ્ટતા માગતા કવિ દૃષ્ટિકોણને પુનઃનિર્દેશન માટે દખલ દેતા હોય કે સ્પષ્ટતાઓ પૂછતા હોય.

Understatement – સંપૂર્ણ અને સાચી મહત્વપૂર્ણ બાબતોને બદલે જે રજૂ કરાય તે અંકુશિત શરતો હેઠળ કરવમાં આવે.

Verbocity – શબ્દાડંબર – જરૂર કરતાં વધારે શબ્દનો ભાષામાં ઉપયોગ.

View Point – દૃષ્ટિકોણ – વ્યકિતનો મત કે અર્થઘટન.

Visual Texts – દૃશ્ય રજૂઆત જે જોઈ શકાય અને સંદેશ રજુ કરે (દા.ત. ફિલ્મ, ફોટા, કૃતિઓ, કોમ્પ્યુટર ગ્રાફીક, કાર્ટૂન, ચિત્રો)

Voice – અવાજ – લેખકનું વ્યકિતત્વ –આભા – લેખક કોણ છે – જયારે વાંચન કરતાં કે વિચારતાં લેખકનો પ્રભાવ અને તેના ઈરાદાઓ તેમાં જણાય છે.

Wit – હાજર જવાબ – અણધાર્યા ઝડપી અને રમૂજી, વિરોધક અને એકીકરણવાળા વિચારો અને ઉદગારોથી સજજ.

Word Attack Skill – શબ્દથી હુમલો કરવાની હુન્નર – જયારે કોઈ અજાણ્યા શબ્દનું પઠન કરવાનું હોય ત્યારે અપનાવવામાં આવતી તરકીબ, નિતી. (શબ્દને વિભાજીત કરી અથવા સર્ગ કે વિસર્ગના ઉપયોગથી અર્થ તારવણી કરવી.)

# NATIONAL CURRICULUM STATEMENT GRADES 10 – 12 (GENERAL) POLICY

# LANGUAGES

## GUJARATI SECOND ADDITIONAL LANGUAGE

HIV/AIDS is everybody's concern